


ગરવી ગુજરાત

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 142
Dt.: 02-02-2026,
Monday
Page : 04
Rs.00.50 paisa


### નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ ૨૦૨૬માં આવકવેરાને લઈને મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી

# બજેટમાં ઈન્કમ ટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર નહીં: નવો IT એક્ટ ૧ એપ્રિલથી થશે લાગુ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ ૨૦૨૬માં આવકવેરાને લઈને મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી છે. સરકાર આગામી ૧ એપ્રિલ, ૨૦૨૬ થી નવો ઈન્કમ ટેક્સ એક્ટ (આવકવેરા કાયદો) અમલમાં લાવશે. આ નવા કાયદાનો મુખ્ય ઉદ્દેશ્ય ટેક્સ પ્રક્રિયાને વધુ સરળ અને પારદર્શક બનાવવાનો છે. મહત્ત્વની વાત એ છે કે, હાલ, ઈન્કમ ટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર કરાયો નથી.

નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે આવકવેરા ફોર્મ સરળ બનાવવામાં આવશે. નવો કાયદો ૧ એપ્રિલ, ૨૦૨૬ થી અમલમાં આવશે. આ કાયદામાં ટેકનિકલ ભૂલો માટે દંડને દંડથી બદલવાનો પ્રસ્તાવ છે. નાના કર ગુનાઓ પર જ દંડ લાગશે. વિદેશ મુસાફરી પર કર ઘટાડવામાં આવશે. વિદેશ મુસાફરી માટે TCS દર ૫% થી ઘટાડીને ૨% કરવામાં આવ્યો છે. ૩૧ જુલાઈ સુધી રિટર્ન ફાઈલ કરી શકાય છે. આ કાયદામાં અઘોષિત આવકને રૂ.૧ કરોડ સુધી મર્યાદિત કરવાનો પ્રસ્તાવ છે.

● સરળ ફોર્મ: આવકવેરા રિટર્ન (ITR) ભરવા માટેના ફોર્મને એકદમ સરળ બનાવવામાં આવશે જેથી સામાન્ય કરદાતા પણ આસાનીથી રિટર્ન ફાઈલ કરી શકે.

● દંડમાં રાહત: ટેકનિકલ ખામીઓ બદલ હવે સજાને બદલે માત્ર દંડની જોગવાઈ કરવામાં આવી છે. નાના ટેક્સ ગુનાઓ માટે જેલની સજા નહીં, પણ માત્ર આર્થિક દંડ લાગશે.

● વિદેશ પ્રવાસ સસ્તો: વિદેશ પ્રવાસ પર લાગતા ટેક્સમાં ઘટાડો કરવામાં આવ્યો છે. વિદેશ યાત્રા માટે TCS (Tax Collected at Source) નો દર ઘટાડીને ૨ ટકા કરવામાં આવ્યો છે.

● અઘોષિત આવક: અઘોષિત આવકની મર્યાદા વધારીને ૧ કરોડ રૂપિયા સુધી કરવાનો પ્રસ્તાવ છે, જેનાથી કાયદાકીય ગૂંચવણો ઓછી થશે.

● રિટર્ન ફાઈલિંગ: કરદાતાઓ ૩૧ ડિસેમ્બરના બદલે હવે ૩૧ જુલાઈ સુધી પોતાનું રિટર્ન ફાઈલ કરી શકશે. નોન-ઓડિટ બિઝનેસ અને ટ્રસ્ટ માટે રિટર્ન ભરવાની મુદત ૩૧ ઓગસ્ટ સુધી લંબાવવામાં આવી છે.

● NRI પ્રોપર્ટી: જ્યારે કોઈ નિવાસી ભારતીય (Resident) NRI પાસેથી પ્રોપર્ટી ખરીદે ત્યારે TDS કાપવો પડશે, જેના માટે હવે TAN ની જરૂરિયાત અંગેના નિયમો સરળ બનશે.

● ક્લાઉડ સર્વિસ પર ૨૦૪૭ સુધી છૂટ: ડિજિટલ ઈન્ડિયાને વેગ આપવા માટે ક્લાઉડ સર્વિસ પર ૨૦૪૭ સુધી ટેક્સ ફ્રી સુવિધાની જાહેરાત કરવામાં આવી છે.

● એક્સિડન્ટ ક્લેમ પર રાહત: મોટર એક્સિડન્ટ ક્લેમ ટ્રિબ્યુનલ દ્વારા મળેલા વળતરના વ્યાજ પર હવેથી ઈન્કમ ટેક્સ (Income Tax) નહીં લાગે અને તેના પર કોઈ TDS પણ કાપવામાં આવશે નહીં.

● કસ્ટમ ડ્યુટી: કસ્ટમ ડ્યુટીમાં પણ રાહત આપવામાં આવી છે. ૧૭ કેન્સર વિરોધી દવાઓ અને ૭ અન્ય દુર્લભ રોગોની દવાઓને મૂળભૂત કસ્ટમ ડ્યુટીમાંથી મુક્તિ આપવામાં આવશે.

બજેટ ૨૦૨૬-૨૭માં ઈક્મટેક્સ સ્લેબમાં ફેરફાર અંગે કોઈ જાહેરાત કરાઈ નથી. જેને લઈને હવે કરદાતાઓએ ગત બજેટમાં જાહેર કરાયેલા ટેક્સ રિજિમ મુજબ જ ટેક્સ ચૂકવવાનો રહેશે. જણાવી દઈએ કે, ૧૨ લાખની આવક પર કોઈ ટેક્સ ચૂકવવાનો રહેશે નહીં. આ સાથે રૂ. ૭૫૦૦૦ સુધીનું સ્ટાન્ડર્ડ ડિડક્શન પણ મળશે.

જો તમારી આવક ૧૨ લાખ સુધીની છે. તો તમારે કોઈ ટેક્સ ચૂકવવો પડશે નહીં. તેમાં પણ પગારદારોને રૂ. ૭૫૦૦૦ પેટે સ્ટાન્ડર્ડ ડિડક્શન મળશે, તેથી તેઓ ૧૨૭૫૦૦૦ સુધીની આવક પર કોઈ ટેક્સ ચૂકવવો પડશે નહીં. નવા ટેક્સ સ્લેબમાં ૧૨થી ૧૫ લાખ સુધીની આવક પર ૧૫ ટકા ટેક્સ, ૧૫ લાખથી ૨૦ લાખ સુધીની આવક પર ૨૦ ટકા અને ૨૦ લાખથી ૨૫ લાખ સુધીની આવક પર ૨૫ ટકા, ૨૫ લાખથી વધુ આવક પર ૩૦ ટકા ટેક્સ ચૂકવવો પડશે. આવકવેરાની ગણતરી માટે વ્યક્તિની તમામ સ્ત્રોતની આવક ધ્યાનમાં લેવાય છે, જેમાં પગાર,



પ્રોપર્ટીનું ભાડું, હોમ લોનનું વ્યાજ, શેરબજારનો નફો અને મિલકતની ખરીદ-વેચાણની આવકનો સમાવેશ થાય છે.

### ઘટી જશે દવાઓનો ભાવ; નાણામંત્રીની જાહેરાત

# કેન્સર અને દુર્લભ બીમારીઓની દવાઓ પર હવે નહીં લાગે કસ્ટમ ડ્યુટી!

### ૧૭ કેન્સરની દવાઓ પર લાગતી બેઝિક કસ્ટમ્સ ડ્યુટી ને સંપૂર્ણપણે ખતમ કરી દેવામાં આવી છે: નાણામંત્રી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશના બદલાતા હેલ્થ પેટર્નને ધ્યાનમાં રાખીને નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ ૨૦૨૬-૨૭માં કેન્સરના દર્દીઓ માટે પણ મહત્વની જાહેરાતો કરી છે.

બજેટમાં કેન્સરની દવાઓને લઈને તેમણે જણાવ્યું છે કે, ૧૭ કેન્સરની દવાઓ પર લાગતી બેઝિક કસ્ટમ્સ ડ્યુટીને સંપૂર્ણપણે ખતમ કરી દેવામાં આવી છે. આનાથી હવે જીવલેણ બીમારીઓની સારવાર સસ્તી અને સરળ બનશે. આ ઉપરાંત દુર્લભ બીમારીઓ માટે પણ ઈમ્પોર્ટ ડ્યુટીમાં મોટી રાહત આપવામાં આવી છે, જે કરોડો પરિવારો માટે ખૂબ મોટી રાહત સાબિત થશે.

બેઝિક કસ્ટમ્સ ડ્યુટી (Basic Customs Duty - BCD)એ એક પ્રકારનો ટેક્સ છે, જે ભારત સરકાર વિદેશમાંથી આયાત (Import) કરાયેલા સામાન પર લગાવે છે. આ ટેક્સ Customs Act, ૧૯૬૨ હેઠળ વસૂલવામાં આવે છે. જ્યારે કોઈ દવા વિદેશ (જેમ કે અમેરિકા કે જર્મની)માંથી ભારત આવે છે, ત્યારે તેને ભારતની સીમામાં પ્રવેશવા માટે આ ટેક્સ ભરવો પડે છે. સામાન્ય રીતે જીવન રક્ષક દવાઓ પર બેઝિક કસ્ટમ્સ ડ્યુટી ૫%થી ૧૦%ની વચ્ચે હોય છે અને આ કસ્ટમ ડ્યુટીનો ૧૦% સોશિયલ વેલફેર સરચાર્જ (SWS) છે. દવાઓ પર સામાન્ય રીતે ૫% કે ૧૨% GST પણ લાગે છે. નિર્મલા સીતારમણે ૧૭ કેન્સરની દવાઓ પર આ ૧૦%ની ડ્યુટીને ૦% કરી દીધી છે. એટલે કે હવે તે દવાઓ પર માત્ર GST (જો લાગુ હોય તો) જ લાગશે, કસ્ટમ ડ્યુટી નહીં લાગે. સરકાર દ્વારા આવક મેળવવા અને દેશના સ્થાનિક ઉદ્યોગોને સુરક્ષા આપવા માટે કસ્ટમ ડ્યુટી લગાવવામાં આવે છે. સરળ ભાષામાં કહીએ તો – સરકારની કમાણી માટે અને વિદેશી સામાન એટલો સસ્તો ન થઈ જાય કે ભારતની પોતાની કંપનીઓ બંધ થઈ જાય, તેથી આ ડ્યુટી લગાવાય છે.

સૌથી મોટી અને સીધી અસર દવાઓના ભાવ પર પડશે. સરળ શબ્દોમાં કહીએ તો આ એક પ્રકારનો ઈમ્પોર્ટ ટેક્સ છે. તેને હટાવવાથી દવાઓના ભાવ સીધા ૧૦%થી ૧૨% સુધી ઘટી શકે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ કેન્સરની વિદેશી દવા અગાઉ રૂ.૧૦,૦૦૦માં મળતી હતી, તો ડ્યુટી હટવાથી તેનો ભાવ લગભગ રૂ.૮,૮૦૦થી રૂ.૯,૦૦૦ની વચ્ચે પહોંચી શકે છે. કસ્ટમ ડ્યુટી ખતમ થવાથી વિદેશી દવાઓના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થશે. આ ઉપરાંત, ૭ નવી દુર્લભ બીમારી ઓને પણ ડ્યુટી-ફ્રી લિસ્ટમાં સામેલ કરવામાં આવી છે, જેનો અર્થ એ થયો કે આ બીમારીઓની દવાઓ હવે પહેલાં કરતાં ઘણી સરળ અને સસ્તી રીતે મેળવી શકાશે.

# નાણામંત્રીએ આવકવેરાના મોરચે આપી મોટી રાહત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે સંસદમાં કેન્દ્રીય બજેટ ૨૦૨૬ રજૂ કર્યું. આ સાથે, તેમણે સતત નવમું બજેટ રજૂ કરનાર પ્રથમ નાણામંત્રી બનીને ઈતિહાસ રચ્યો છે. તેમના બજેટ ભાષણ દરમિયાન, નાણામંત્રીએ દેશ માટે અનેક મુખ્ય સુધારાઓ અને નીતિગત પહેલો પર પ્રકાશ પાડ્યો.

નાણામંત્રી નિર્મલા સીતારમણે કરદાતાઓને મોટી રાહત આપતા જાહેરાત કરી કે સુધારેલા આવકવેરા રિટર્ન (IR) હવે ૩૧ માર્ચ સુધી નજીવી ફી પર ફાઈલ કરી શકાય છે. આ નિર્ણયથી એવા કરદાતાઓને ફાયદો થશે જેઓ તેમના રિટર્ન ફાઈલ કરતી વખતે થયેલી ભૂલો સુધારવા માંગે છે. નાણામંત્રીએ જણાવ્યું હતું કે આ પગલાનો હેતુ કર પાલનને સરળ બનાવવા અને કરદાતાઓ પર બિનજરૂરી દંડનો બોજ ઘટાડવાનો છે. સરકારને આશા છે કે આ સુવિધા વધુ લોકોને સ્વેચ્છાએ સાચી માહિતી સાથે તેમના આવકવેરા રિટર્ન ફાઈલ કરવા માટે પ્રોત્સાહિત કરશે.

નાણામંત્રીએ ઉદારકૃત રેમિટન્સ યોજના (LRS) હેઠળ શિક્ષણ અને તબીબી શિક્ષણ માટે રેમિટન્સ પર TCS દર ૫ ટકાથી ઘટાડીને ૨ ટકા કરવાની જાહેરાત કરી. આનાથી વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોને સીધી રાહત મળશે.

વધુમાં, વિદેશી પ્રવાસ પેકેજોના વેચાણ પરનો TCS પણ ૫ ટકા થી ઘટાડીને ૨ ટકા કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે આ દર પહેલા ૨૦ ટકા હતો, પરંતુ તેને પહેલાથી જ ૫ ટકા કરવામાં આવ્યો છે.

બજેટ ૨૦૨૬-૨૭માં, નાણામંત્રીએ નાના કરદાતાઓ માટે નિયમ-આધારિત અને સ્વચાલિત પ્રક્રિયા લાગુ કરવાનો પણ પ્રસ્તાવ મૂક્યો હતો, જે કર સંબંધિત પ્રક્રિયાઓને સરળ બનાવશે અને વધુ પારદર્શક બનાવશે. નાણામંત્રીએ તેમના બજેટ ભાષણમાં એવી પણ જાહેરાત કરી હતી કે મોટર અકસ્માત દાવા ટ્રિબ્યુનલ (MACT) દ્વારા આપવામાં આવતા વળતરને આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવશે. આ નિર્ણયથી માર્ગ અકસ્માત પીડિતો અને તેમના પરિવારોને મોટી રાહત મળવાની અપેક્ષા છે.

### રૂ.૯૫,૬૯૨ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું

# મનરેગાની સરખામણીએ "જી રામ જી યોજના"ને મળ્યું બમ્પર બજેટ

### નાણામંત્રી નિર્મલા સીતારમણે ૧ ફેબ્રુઆરીના રોજ સંસદમાં વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું કેન્દ્રીય બજેટ રજૂ કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના નાણામંત્રી નિર્મલા સીતારમણે ૧ ફેબ્રુઆરીના રોજ સંસદમાં નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું કેન્દ્રીય બજેટ રજૂ કર્યું. નવી રોજગાર ગેરંટી યોજના "વિકસિત ભારત-જી રામ જી" અથવા VB-G રામ જી માટે રૂ.૯૫,૬૯૨ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ યોજના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (MGNREGS) ને બદલે છે. ગયા વર્ષે MNREGA ને રૂ.૮૬,૦૦૦ કરોડનું બજેટ મળ્યું હતું. આનો અર્થ એ થયો કે સરકારે ગ્રામીણ રોજગાર માટે તેના બજેટમાં ૧૧.૨૭ ટકાનો વધારો કર્યો છે.

મનરેગા હેઠળ કામની માંગમાં નોંધપાત્ર ઘટાડાને જોતા વિકસિત ભારત-ગારંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશ (ગ્રામીણ) કાયદો લાગુ કર્યો. સંક્ષેપમાં તેને VB-G રામ જી કાયદા તરીકે ઓળખવામાં આવે છે જે અગાઉની યોજનામાં એક વ્યાપક કાયદાકીય સુધારો છે.

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદો એટલે કે મનરેગા, ૨૦૦૫ માં અમલમાં મૂકવામાં આવ્યો હતો અને તેણે વેતન આધારિત રોજગાર પૂરો પાડ્યો હતો, ગ્રામીણ આવક સ્થિર કરી હતી અને માળખાગત સુવિધાઓનું નિર્માણ કર્યું હતું. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેના આર્થિક સર્વેક્ષણમાં જણાવાયું છે કે ગ્રામીણ રોજગાર જરૂરિયાતોનું સ્વરૂપ સમય જતાં બદલાયું છે. આનાથી મનરેગાની સિદ્ધિઓ, તેમજ તેના માળખા અને ઉદ્દેશ્યોનું પુનર્મૂલ્યાંકન કરવાની જરૂર પડી છે.

સરકારના મતે, મનરેગામાં મોટા ફેરફારો પછી VB-G RAM G યોજના રજૂ કરવામાં આવી છે. તે મનરેગાની માળખાકીય ખામીઓને દૂર કરે છે અને રોજગાર, પારદર્શિતા, આયોજન અને જવાબદારીને મજબૂત બનાવે છે. VB-G RAM G યોજના હેઠળ, રોજગારનો સમયગાળો ૧૦૦ દિવસથી વધારીને ૧૨૫ દિવસ કરવામાં આવ્યો છે. કામદારોએ મેન્યુઅલ મજૂરી કરવી જરૂરી છે, બાયોમેટ્રિક હાજરી નોંધવામાં આવે છે અને રૂ.૩૭૦ નું વેતન સીધા લાભાર્થીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.

આ આર્થિક સર્વેક્ષણ મુજબ, રોગચાળા દરમિયાન નાણાકીય વર્ષ ૨૦૨૧ માં માનવ-દિવસ ૩૮૯.૦૯ કરોડની ટોચ પર હતો, પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૬ માં (૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં) ઘટીને આશરે ૧૮૩.૭૭ કરોડ થયો, જે ૫૩% થી વધુનો ઘટાડો દર્શાવે છે.

નવી રોજગાર ગેરંટી યોજના, વિકસિત ભારત-જી રામ જી અથવા વીબી-જી રામ જી માટે રૂ.૯૫,૬૯૨ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ યોજના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (MGNREGS) ને બદલે છે.

# નવમાં રજુ થયેલા બજેટમાં ગુજરાતને થશે આટલો ફાયદો

### MSME, ટેક્સટાઈલ અને હીરા ઉદ્યોગ, ઔદ્યોગિક અને મેન્યુફેક્ચરિંગ અને પ્રવાસન ક્ષેત્ર સાથે સંકળાયેલા વર્ગને લાભ મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઔદ્યોગિક અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર માટે સેમિકન્ડક્ટર મિશન ૨.૦, ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનેન્ટ્સ, કેમિકલ પાર્ક્સ, કન્ટેનર મેન્યુફેક્ચરિંગ જેવી યોજનાઓ ગુજરાત માટે ખાસ લાભદાયી છે કારણ કે રાજ્ય પહેલેથી જ ઔદ્યોગિક હબ છે. જેના કારણે સુરત, વલસાડ, અંકલેશ્વર, દાહેજ, સાણંદ જેવા વિસ્તારોમાં નવી મૂડીરોકાણ અને રોજગાર વધવાની શક્યતા રહેલી છે.

બંદરો અને લોજિસ્ટિક્સ ક્ષેત્ર માટે નવા નેશનલ વોટરવે, શિપિંગ અને પોર્ટ આધારિત વિકાસ યોજનાઓથી ગુજરાતના કંડલા, મુન્દ્રા, પિપાવાવ જેવા બંદરોને સીધો ફાયદો થઈ શકે છે. પૂર્વથી પશ્ચિમ ફ્રેઈટ કોરિડોરમાં મકુનીથી સુરત સુધીના મલ્ટી મોડલ કોરિડોરનો ઉલ્લેખ ગુજરાત માટે વ્યૂહાત્મક લાભ કરતા સાબિત થશે.

MSME અને ઉદ્યોગસાહસિકતા ક્ષેત્ર સાથે સંકળાયેલા માટે પણ જાહેરાત કરાઈ છે. MSME માટે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાનું વિકાસ ફંડ ફાળવવાની જાહેરાત કરાઈ છે. આ જાહેરાતથી TReDS પ્લેટફોર્મ, ક્રેડિટ ગેરંટી અને સરળ ફાઈનાન્સિંગથી ગુજરાતના નાના ઉદ્યોગોને મોટો આધાર.

ટેક્સટાઈલ અને હીરા ઉદ્યોગ ક્ષેત્રે ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ પ્રોગ્રામ, એક્સપોર્ટ પ્રોત્સાહન અને કસ્ટમ્સ છૂટછાટો જાહેર કરાઈ છે. જેના કારણે સુરતના ટેક્સટાઈલ અને ડાયમંડ સેક્ટરને સ્પષ્ટ ફાયદો થઈ શકે છે.

ઊર્જા અને ગ્રીન ટ્રાંઝિશન ક્ષેત્રે સોલર ગ્લાસ, લિથિયમ આયન બેટરી, બાયોગેસ અને ગ્રીન એનર્જી માટેની છૂટછાટો જાહેર કરાઈ છે. જેના કારણે ગુજરાત પહેલેથી જ રિન્યુએબલ એનર્જીમાં અગ્રણી હોવાથી વધુ રોકાણ ખેંચી શકે

પ્રવાસન અને સેવા ક્ષેત્ર માટે પણ મહત્વની જાહેરાત કરાઈ હોવાથી, હેરિટેજ સાઈટ્સ, મેડિકલ ટુરિઝમ, ડિઝાઈન અને સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ થશે.

ધોળોવીરા, સ્ટેચ્યુ ઓફ યુનિટી અને અન્ય હેરિટેજ સ્થળોને પરોક્ષ લાભ.




# તંત્રી લેખ......

## આર્થિક સર્વેક્ષણમાં શહેરોના અવિકસિત વિકાસ પર પ્રકાશ પાડવામાં આવ્યો

બજેટ પહેલાં સંસદમાં રજૂ કરાયેલા આર્થિક સર્વેક્ષણમાં પણ અનેક પડકારો તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે તે સારું છે. આમાંથી એક યોગ્ય શહેરી વિકાસનો અભાવ છે. આ વાતને વિગતવાર રીતે પ્રકાશિત કરવામાં આવી હોવાથી, તેના મહત્વને સમજવું અને ગંભીર ધ્યાન આપવું જોઈએ. ભાગ્યે જ કોઈ આ વાત સાથે અસંમત થશે કે શહેરો ફક્ત રહેઠાણ કરતાં વધુ છે.

તેઓ આર્થિક માળખાગત સુવિધાનું એક મહત્વપૂર્ણ સ્વરૂપ છે. તેથી જ તેમને આર્થિક વિકાસના એન્જિન કહેવામાં આવે છે. જ્યારે આપણા શહેરો કુલ સ્થાનિક ઉત્પાદનમાં ફાળો આપી રહ્યા છે, ત્યારે તેઓ વિશ્વના ઘણા દેશોના શહેરોની જેમ આરામદાયક નાગરિક જીવનના કેન્દ્રો બની રહ્યા નથી. શહેરી જીવન સમસ્યાઓથી ઘેરાયેલું છે. તેઓ તણાવ, ભીડ અને ગંદકીનો પર્યાય બની રહ્યા છે. આ બિનઆયોજિત અને આડેધડ વિકાસને કારણે છે.

એક વિડંબના એ છે કે માળખાગત સુવિધાઓમાં છૂટાછવાયા સુધારાઓને શહેરી વિકાસનો પર્યાય માનવામાં આવે છે. પરિણામે, શહેરી સમસ્યાઓ ફરી ઉભી થતી રહે છે. એ પણ સ્પષ્ટ છે કે ઘણા શહેરો, આર્થિક પ્રવૃત્તિના કેન્દ્રો બન્યા હોવા છતાં, રાજકીય રીતે હાંસિયામાં ધકેલાઈ ગયા છે. મ્યુનિસિપલ સંસ્થાઓની નિષ્ફળતા પરિસ્થિતિને વધુ જટિલ બનાવે છે.

આર્થિક સર્વેક્ષણ મુજબ, ભારતીય શહેરો આવકમાંથી તેમના જીડીપીના ૦.૬ ટકા કરતા પણ ઓછું ઉત્પાદન કરે છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે શહેરોનું યોગ્ય રીતે સંચાલન થઈ રહ્યું નથી. ઘણીવાર, શહેરી માળખાગત સુવિધાઓનું નિર્માણ કરતી વખતે, એ વાત પર કોઈ વિચાર કરવામાં આવતો નથી કે તે શહેરી જીવનના યોગ્ય વિકાસમાં ફાળો આપશે કે નહીં.

શહેરો આર્થિક અને વ્યાપારી પ્રવૃત્તિના કેન્દ્ર તરીકે સ્થાપિત થાય છે, પરંતુ કામદારો ક્યાં રહેશે અથવા તેઓ કેવી રીતે મુસાફરી કરશે તેના પર ભાગ્યે જ ધ્યાન આપવામાં આવે છે. જ્યારે શહેરો ટ્રાફિક ભીડ, અતિક્રમણ, પ્રદૂષણ વગેરે જેવી સમસ્યાઓથી ઘેરાયેલા હોય છે, ત્યારે તેમની ઉત્પાદકતા ઓછી થાય છે અને રોકાણની સંભાવના ઓછી થાય છે. હવે જ્યારે એ સ્પષ્ટ થઈ ગયું છે કે શહેરોમાં વસ્તીનું દબાણ વધતું રહેશે, ત્યારે તેમના સંતુલિત અને ટકાઉ વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ.

આ હાલમાં થઈ રહ્યું નથી, અને તેથી, શહેરોમાં ઝૂંપડપટ્ટીઓ વધી રહી છે, અને રહેણાંક વિસ્તારો વ્યાપારી બની રહ્યા છે. રાજ્ય સરકારો દસ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરો માટે આર્થિક સર્વેક્ષણમાં ઓળખાયેલા કાર્યક્રમોને અમલમાં મૂકવા માટે આગળ વધે તે માત્ર જરૂરી જ નથી, પણ અનિવાર્ય પણ છે. તેમણે સમજવું જોઈએ કે તેમના શહેરોનો યોગ્ય વિકાસ સુનિશ્ચિત કરવાની તેમની જવાબદારી છે, અને આ કરવું જોઈએ કારણ કે તે ફક્ત સમૃદ્ધિ તરફ દોરી જશે.

## પટણામાં ટ્રકની ટક્કરથી રીક્ષાનું પડીકું વળી ગયું: અકસ્માતમાં ૬ લોકોના કરુણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારની રાજધાની પટણા નજીક રવિવારે વહેલી સવારે એક કાળજું કંપાવી દેનારી માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. મનેર ઉર્સનો મેળો જોઈને પરત ફરી રહેલા એક જ પરિવારના સભ્યોની રિક્ષાને પૂરપાટ ઝડપે આવતા ટ્રકે ટક્કર મારતા માતમ છવાઈ ગયો છે. આ ગમખ્વાર અકસ્માતમાં ૬ લોકો ઘટનાસ્થળે જ મૃત્યુ પામી ગયા તો બે લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

રવિવારે વહેલી સવારે બિહટા-આરા મુખ્ય માર્ગ પર પરેવ લેખન ટોલા પાસે આ ભયાનક અકસ્માત સર્જાયો હતો. ભોજપુર જિલ્લાના આરા વિસ્તારના રહેવાસી એક જ પરિવારના સભ્યો મનેર દરગાહ ખાતે ઉર્સનો મેળો જોઈને ઓટો રિક્ષામાં પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન આરા તરફથી આવી રહેલા બેલગામ ટ્રકે ઓટોને જોરદાર ટક્કર મારી હતી.

ટક્કર એટલી ભયાનક હતી કે ઓટોના ફુરચા ઉડી ગયા હતા અને તેમાં સવાર અડધો ડઝન લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા.

મૃતકોમાં ૩૩ વર્ષીય ગુડ્ડુ કુમાર, ૩૦ વર્ષીય મો. ઈમ્તિયાઝ, ૨૨ વર્ષીય મો. શહઝાદ અને તેમના બે માસૂમ બાળકો (૩ વર્ષની પુત્રી શફના અને ૧.૫ વર્ષનો પુત્ર મો. અસ્ફી) નો સમાવેશ થાય છે. અન્ય એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

વેટલેન્ડ્સ એ માત્ર જળાશયો નથી, પણ પૃથ્વીની જીવનરેખા છે; તેને બચાવવા એ આપણી નૈતિક ફરજ છે. - મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા

## વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષ સ્થાને પોરબંદરમાં રાજ્યકક્ષાના ૮મા આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ સેમિનાર'નો ઉદ્ઘાટન સમારોહ યોજાયો



ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (GEER) ફાઉન્ડેશન દ્વારા સાંદિપની આશ્રમ, પોરબંદર ખાતે 'વિશ્વ વેટલેન્ડ દિવસ' ના પૂર્વે દિને 'વેટલેન્ડ્સ એન્ડ ટ્રેડિશનલ નોલેજ: સેલિબ્રેટિંગ કલ્ચરલ હેરીટેજ' વિષય પર બે દિવસીય '૮માં આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ સેમિનાર'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉદ્ઘાટન સેમીનારના અધ્યક્ષ સ્થાને વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વેટલેન્ડ્સના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, પોરબંદર જિલ્લો કુદરતી રીતે સમૃદ્ધ છે અને અહીં ૨૨૫ થી વધુ નાના-મોટા વેટલેન્ડ્સ આવેલા છે. વેટલેન્ડ્સ એ માત્ર જળાશયો નથી પણ પૃથ્વીની સુરક્ષા માટે અનિવાર્ય છે, તેથી તેમણે શાળાઓમાં 'વેટલેન્ડ ક્લબ' બનાવી નવી પેઢીને પ્રકૃતિ સાથે જોડવા પર ભાર મૂક્યો હતો.

પ્રકૃતિ અને વન્યજીવોના રક્ષણ વિશે વાત કરતા તેમણે જણાવ્યું કે દરેક જીવનું કુદરતી ચક્રમાં આગવું મહત્વ છે. તેમણે ઉદાહરણ આપ્યું કે સાપ જેવી રીતે ઉંદરો પર નિયંત્રણ રાખીને અનાજનો બગાડ અટકાવે છે, જે પ્રત્યક્ષ રીતે માનવજાતને મદદરૂપ છે. વધુમાં, ધરમપુર ખાતેના રિસર્ચ સેન્ટરમાં સાપના ઝેરમાંથી એન્ટી-વેનમ દવાઓ બનાવવાનું જે કાર્ય થઈ રહ્યું છે, તે વિજ્ઞાન અને પ્રકૃતિના સમન્વયનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ગુજરાતમાં પર્યાવરણીય સિદ્ધિઓની ચર્ચા કરતા મંત્રીશ્રીએ નોંધ્યું કે રાજ્યમાં સિંહોની વસ્તીમાં ૩૨% નો નોંધપાત્ર વધારો થયો છે અને હવે બરડા અભયારણ્ય પણ સિંહોનું બીજું ઘર બની રહ્યું છે.

રાજ્ય સરકારના આગામી આયોજનો અંગે માહિતી આપતા તેમણે જણાવ્યું કે ગુજરાતમાં રામસર સાઈટ્સની સંખ્યા વધી રહી છે અને તાજેતરમાં કચ્છના 'છારી-ઢંઢ' ને પાંચમી રામસર સાઈટ તરીકે માન્યતા મળી છે. આગામી સમયમાં પોરબંદરના મોકર સાગર અને મેઢાક્રીકને પણ આ વૈશ્વિક યાદીમાં સ્થાન અપાવવા માટે સરકાર પ્રયત્નશીલ છે. આ ઉપરાંત, પર્યાવરણીય પર્યટનને વેગ આપવા રંગબાઈ માતાના મંદિર પાસે ૨૧ કરોડના ખર્ચે સાંસ્કૃતિક વન તૈયાર કરવામાં આવી રહ્યું છે, જે ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે. અંતમાં તેમણે પર્યાવરણને માતા સમાન ગણાવી તેની જાળવણી માટે સૌને પ્રતિજ્ઞા લેવા આહવાન કર્યું હતું.

મંત્રીશ્રીએ સંતો પણ પ્રકૃતિના રક્ષણ માટે પર્યાવરણ જાગૃતિમાં મહત્વનું કાર્ય કરી રહ્યા છે જે અંગે હર્ષની લાગણી વ્યક્ત કરી શ્રી મોરારીબાપુ અને ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાના પર્યાવરણ જાગૃતિના કાર્યો અને લોકોમાં જાગૃતિ આવે તે માટેના સેવા યજ્ઞને નોંધપાત્ર ગણાવ્યા હતા.

કાર્યક્રમ દરમ્યાન ખીજડીયા વન્યજીવ અભયારણ્યમાં પ્રજનન કરતા સ્થાનિક -સ્થળાંતરિત ભયગ્રસ્ત અને ભયની નજીક રહેલા જળચર પક્ષીઓ માટે વેટલેન્ડ હેબિટેટ એસેસમેન્ટ, દક્ષિણ ગુજરાતની મુખ્ય નદીઓના મુખપ્રદેશો (Estuaries) નું ઈકોલોજીકલ મોનિટરિંગ, ગોસાબારા - મોકરસાગર વેટલેન્ડ: ગોસા બારા - મોટરસાગર વેટલેન્ડનું ઈકોલોજીકલ મોનિટરિંગ , મોકરસાગર વેટલેન્ડ સહિતના માહિતીસભર રિપોર્ટનું પુસ્તક રૂપે સાથે - સાથે ગુજરાતના સુંદર પુષ્પો ધરાવતા વૃક્ષો, સાપ અને માનવ : ભયથી સમજ અને સહઅસ્તિત્વ તરફ અને હિંગોળગઢ: પ્રકૃતિથી પ્રેરણા અને શિક્ષણથી સંરક્ષણ તરફ વિષય અંગે ડોક્યુમેટ્રી ફિલ્મનું મંત્રીશ્રીના હસ્તે ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. PCCF ડૉ. એ. પી. સિંહ પ્રિન્સિપાલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (PCCF) શ્રી ડૉ. એ. પી. સિંહ (IFS) એ વેટલેન્ડના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, ભારત એક 'મેગા બાયો ડાયવર્સિટી' ધરાવતો દેશ છે, જ્યાંના દરેક ક્ષેત્ર પોતાની આગવી ઈકોસિસ્ટમ માટે વિશ્વભરમાં વિશિષ્ટ ઓળખ ધરાવે છે. આ પ્રાકૃતિક વારસાને અને વેટલેન્ડને આગામી પેઢી સુધી સુરક્ષિત રીતે પહોંચાડવા માટે અત્યારથી જ તેના જતન અંગે ગંભીર ચર્ચા અને નક્કર આયોજન કરવું અનિવાર્ય છે. તેમણે ગૌરવભેર નોંધ્યું હતું કે, ભારતનો ૨૨ ટકા જેટલો વિશાળ વેટલેન્ડ એરિયા એકલા ગુજરાત પાસે છે, જે રાજ્યની પર્યાવરણીય સમૃદ્ધિ દર્શાવે છે.

વિશેષ કરીને પોરબંદર જિલ્લાની ભૌગોલિક વિવિધતાની પ્રશંસા કરતા ડૉ. સિંહે ઉમેર્યું કે, પોરબંદર એક અદભૂત સ્થળ છે જ્યાં ત્રણેય પ્રકારના વેટલેન્ડ જોવા મળે છે. આ જ કારણ છે કે પોરબંદર આજે 'ફ્લેમિંગો સિટી' તરીકે લોકપ્રિય બન્યું છે. વધુમાં, પોરબંદરનું રત્ન ગણાતા ગોસાબારા મોકરસાગર વેટલેન્ડને આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતી 'રામસર સાઈટ' તરીકે જાહેર કરવાની પ્રક્રિયા ગતિમાં છે. આ દરજ્જો મળવાથી આ વિસ્તારના સંવર્ધન અને ઈકો-ટુરિઝમને વૈશ્વિક ફલક પર નવું બળ મળશે.

વન્યજીવ વિભાગના પી.સી.સી.એફ. (PCCF) ડૉ. જયપાલ સિંહ (IFS) એ પોરબંદરની પર્યાવરણીય ધરોહરને બિરદાવતા જણાવ્યું હતું કે, પોરબંદર જિલ્લો એ ખરા અર્થમાં વેટલેન્ડનો પર્યાય છે. અહીંની ભૌગોલિક વિશેષતા એવી છે કે પોરબંદરમાં જાણે 'ઘરેઘરે વેટલેન્ડ' હોય તેવી સ્થિતિ જોવા મળે છે. જિલ્લામાં ૨૨૫ થી વધુ નાના-મોટા વેટલેન્ડ્સ આવેલા છે, જે સ્થાનિક ઈકો-સિસ્ટમ માટે કરોડરજ્જુ સમાન છે. વેટલેન્ડના વ્યાપ અને તેની અનિવાર્યતા સમજાવતા તેમણે ઉમેર્યું હતું કે, આ જળપ્લાવિત ક્ષેત્રો એક 'સેલ્ફ આસિસ્ટન્ટ સિસ્ટમ' તરીકે કાર્ય કરી પ્રકૃતિનું સંતુલન જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

વધુમાં તેમણે વન્યજીવોના સંરક્ષણ અને સંવર્ધન માટે વન વિભાગ સહિત વિવિધ ફાઉન્ડેશનો અને વિષય નિષ્ણાતો દ્વારા કરવામાં આવતી કામગીરીની પ્રશંસા કરી હતી. ખાસ કરીને પર્યાવરણ જાળવણીના ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓના સમર્પણને બિરદાવી, તેમણે આ સફળ આયોજન બદલ ગીર ફાઉન્ડેશનને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ગીર ફાઉન્ડેશનના ડાયરેક્ટર શ્રી બી. પી. પતી દ્વારા બે દિવસીય આંતરાષ્ટ્રીય વેટલેન્ડ સેમિનારની પ્રસ્તાવના રજૂ કરી હતી. સાથે વેટલેન્ડનું મહત્વ અને આ સેમિનાર માટે પોરબંદર જિલ્લાની ભૌગોલિક વિશેષતાઓ અંગે તેમણે જણાવ્યું હતું કે આ કાર્યક્રમ ગુજરાત રાજયના દરિયાકાંઠાના જિલ્લા પોરબંદરમાં આયોજિત કરવામાં આવ્યો છે, જે તેની વૈવિધ્યસભર વેટલેન્ડ (જળપ્લાવિત વિસ્તાર) ઈકોસિસ્ટમ અને દરિયાકાંઠાના રહેઠાણોને કારણે નોંધપાત્ર ઈકોલોજીકલ મહત્વ ધરાવે છે. પોરબંદર પક્ષી અભયારણ્ય અને ગોસાબારા- મોકરસાગર વેટલેન્ડ જેવા અગ્રણી વેટલેન્ડ્સ નિવાસી અને સ્થળાંતર કરનારા જળચર પક્ષીઓના વિશાળ સમૂહના યજમાન તરીકે જાણીતા છે.

સદીઓથી, સ્થાનિક માછીમારો અને ખેડૂત સમુદાયો આ વેટલેન્ડ સંસાધનોના ટકાઉ ઉપયોગ અને સંચાલન માટે પરંપરાગત ઈકોલોજીકલ જ્ઞાન પર નિર્ભર રહ્યા છે. વિશ્વ વેટલેન્ડ દિવસ ૨૦૨૬ ની થીમ, "વેટલેન્ડ્સ અને પરંપરાગત જ્ઞાન: સાંસ્કૃતિક વારસાની ઉજવણી" ના સંદર્ભમાં, પોરબંદર એ સાંસ્કૃતિક વારસા અને વેટલેન્ડ ઈકોસિસ્ટમના સુમેળભર્યા સહઅસ્તિત્વનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આ બાબત તેને ૮મી ઈન્ટરનેશનલ સેમિનાર-કમ-વર્કશોપ માટે એક આદર્શ સ્થળ બનાવે છે. ઉદ્ઘાટન સમારોહ બાદ ટેકનિકલ શેસનમાં વિવિધ તજજ્ઞોએ વેટલેન્ડ સંરક્ષણ માટેના ભાવિ રોડમેપ અંગે ચર્ચા કરી હતી.

આ કાર્યક્રમમાં પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયા, PCCF શ્રી રમણ મૂર્તિ, નેશનલ વાઈલ્ડ બોર્ડ સ્ટેન્ડિંગ કમિટીના મેમ્બર શ્રી એચ.એસ. સિંઘ, પોરબંદર જિલ્લા કલેકટર શ્રી એસ. ડી. ધાનાણી, પોરબંદર મનપા કમિશનર શ્રી હસમુખ પ્રજાપતિ, નિવાસી અધિક જિલ્લા કલેક્ટર શ્રી રેખાબા સરવૈયા, પોરબંદર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ડૉ. ચેતનાબેન તિવારી તેમજ વન વિભાગ પોરબંદર જુનાગઢ અને ગાંધીનગરના અધિકારીઓ, સાંદિપની ના ઋષિ કુમારો, પર્યાવરણ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

પોરબંદરના એ.સી.એફ શ્રી રાજલ પાઠક, સામત ભમર અને ટીમે જરૂરી સંકલન કર્યું હતું .

વિવિધ તજજ્ઞો અને પર્યાવરણ પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને વેટલેન્ડ સંરક્ષણ માટેના ભાવિ રોડમેપ અંગે ચર્ચા કરી હતી.

ઈલેક્ટ્રીક વાહનો સસ્તા મળશે !

## બેટરી બનાવતા સામાન પર કસ્ટમ ડ્યુટીમાં રાહતની કેન્દ્રની જાહેરાત

### લિથિયમ-આયન સેલ બનાવવાના સાધનો પર રાહત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમને સંસદમાં રજૂ કરેલા વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં મોટર વાહન ઉદ્યોગને મોટી રાહત મળી છે. ઈલેક્ટ્રીક વાહન (EV)નું ઉત્પાદન કરનારી કંપનીઓને બજેટમાં મોટી આશા હતી, જેને ધ્યાને લઈને સરકારે બેટરીમાં ઉપયોગ થતા સામાન પર કસ્ટમ ડ્યૂટીમાં રાહત આપવાની જાહેરાત કરી છે. આ સાથે હવે ઈલેક્ટ્રીક વાહનોમાં ઘટાડો થવાની સંભાવના છે.

નાણામંત્રીએ બજેટ ભાષણ દરમિયાન કહ્યું છે કે, હું એવો પ્રસ્તાવ રજૂ કરું છું કે, બેટરી બનાવવા માટે ઉપયોગમાં લેવાતા 'લિથિયમ-આયન સેલ' માટે જે મશીનો અને મૂડીગત માલસામાન પર અગાઉથી જ કસ્ટમ ડ્યુટીમાં છૂટ મળે છે, તેવી જ છૂટ હવે 'બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ'માં વપરાતા લિથિયમ-આયન સેલ બનાવવાના સાધનો પર પણ આપવામાં આવશે. આ ઉપરાંત, સોલર ગ્લાસ બનાવવામાં કામ આવતા સોડિયમ એન્ટિમોનેટની આયાત પર પણ મૂળ કસ્ટમ ડ્યુટીમાંથી મુક્તિ આપવાનો પ્રસ્તાવ છે.

ઉલ્લેખનીય છે કે, 'લિથિયમ-આયન સેલ'નો ઉપયોગ ઘણી વધુ શક્તિશાળી સેલ ભેગા કરીને મોટી બેટરી બનાવવામાં આવે છે. જ્યારે 'બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ' એવી ટેકનોલોજી છે, જેમાં તેનો ઉપયોગ માત્ર વાહનોમાં જ નહીં, પરંતુ મોટા પાયે વીજળીનો સંગ્રહ કરવા માટે થાય છે.

લિથિયમ-આયન સેલ મોટાભાગે ઈલેક્ટ્રિક વાહનોમાં ઉપયોગ થતી મુખ્ય ટેકનોલોજી છે. આમાં ઈલેક્ટ્રીક વાહનો અને પ્લગ-ઈન હાઈબ્રિડ સામેલ છે. કારણ કે તેની એનર્જી ડેન્સિટી વધુ હોય છે. આ ઉપરાંત તે હળવા હોવાની સાથે વધુ સમય સુધી ચાલે છે.

બજેટમાં આ જાહેરાતથી સ્પષ્ટ છે કે, બેટરી સસ્તી થશે, જેના કારણે ઈલેક્ટ્રીક વાહનોના કિંમત પર પણ અસર પડશે. ઈલેક્ટ્રીક વાહનોમાં ઉપયોગ થતી બેટરીનો ખર્ચ અને કિંમત વધુ હોય છે, જેના કારણે વર્તમાનમાં ઈવી મોંઘા ભાવે વેંચાય છે. તેથી જ બેટરીની કિંમત ઘટવાથી ઈલેક્ટ્રીક વાહનોની કિંતમાં ઘટાડો થશે.લિથિયમ-આયન સેલ બનાવવામાં ઉપયોગ થતા કેપિટલ ગુડ્સ પરની કસ્ટમ ડ્યૂટીમાં રાહત આપવાથી ભારતમાં બેટરી બનાવવાની ખર્ચમાં ઘટાડો થશે. આનાથી બેટરી ઉત્પાદન કરનારાઓ સેલ આયાત કરાવાના બદલે દેશમાં જ ફેક્ટ્રીઓ સ્થાપીને સેલનું ઉત્પાદન કરી શકશે. બજેટમાં આ રાહતની જાહેરાતથી ઈલેક્ટ્રીક વાહનોની કિંમતમાં ઘટાડો થઈ શકે છે.

અમેરિકા-ઈરાન વચ્ચે વિવાદ વધ્યો !

## અમેરિકાએ અરબ સાગરમાં યુદ્ધ જહાજો તહેનાત કરતા ખામેનેઈ નારાજ

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

અમેરિકા-ઈરાન વચ્ચે દિવસે ને દિવસે વિવાદ વધારો થઈ રહ્યો છે, જેના કારણે બંને દેશો વચ્ચે ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સૈન્ય કાર્યવાહીનો નિર્ણય કર્યા બાદ ઈરાનના સર્વોચ્ચ નેતા સૈયદ અલી હુસૈની ખામેનેઈ આક્રમક બની ગયા છે. ટ્રમ્પે તાજેતરમાં જ ઈરાન પર હુમલો કરવાની ધમકી આપી છે, જેના કારણે ખામેનેઈએ વળતો જવાબ આપી ટ્રમ્પને ધમકી આપી છે કે, 'જો અમેરિકા કોઈપણ હુમલો કરશે તો તેમના કારણે મધ્ય-પૂર્વમાં નવા યુદ્ધની શરૂઆત થશે.' ઈરાનની ધમકીના કારણે હવે બંને દેશો વચ્ચે તણાવમાં વધારો થયો છે. વાસ્તવમાં ઈરાનમાં વ્યાપક હિંસાઓમાં અનેક લોકોને મોતને ઘાટ ઉતારવામાં આવતા અમેરિકાને વાંધો પડ્યો છે. આ ઉપરાંત ઈરાન પરમાણુ કાર્યક્રમ કામ કરતું હોવાની ડોનાલ્ડ ટ્રમ્પને આશંકા છે, જેના કારણે અમેરિકાએ ઈરાન પર હુમલો કરવાની યોજના ઘડી કાઢી હોય તેમ, અરબ સાગરમાં અબ્રાહમ લિંકન સહિતના યુદ્ધજહાજ તહેનાત કર્યા છે. ત્યારે આ જ ઘટનાક્રમ વચ્ચે ખામેનેઈએ ટ્રમ્પને ધમકી આપી છે. મીડિયા રિપોર્ટમાં ખામેનેઈને ટાંકીને કહેવાયું છે કે, 'અમેરિકાને ખબર હોવી જોઈએ કે, જો તેઓ યુદ્ધ શરૂ કરશે તો આ વખતે આ એક ક્ષેત્રીય યુદ્ધ થશે. અમે ઉશ્કેરવા માંગતા નથી અને અમે કોઈ દેશ પર હુમલો પણ કરવા માંગતા નથી. પરંતુ જો અમારા દેશ પર કોઈ હુમલો કરશે તો અમે તેમને ભયાનક જવાબ આપીશું.' હાલ ઈરાન-અમેરિકા વચ્ચે યુદ્ધની તૈયારી, શાબ્દિક પ્રહાર અને ધમકીઓનો દોર ચાલી રહ્યો છે, જોકે આ તમામ ઘટનાક્રમ વચ્ચે એ સ્પષ્ટ નથી કે, અમેરિકા ઈરાન પર હુમલો કરશે કે નહીં. ટ્રમ્પ વારંવાર કહે છે કે, ઈરાન અમેરિકા સાથે વાતચીત કરવા માંગે છે. એટલું જ નહીં ટ્રમ્પે તહેરાનના પરમાણુ કાર્યક્રમના મુદ્દે પણ ચર્ચાની વાત કહી છે. એકતરફ અરબ સાગરમાં અમેરિકન યુદ્ધ જહાજો તહેનાત છે, તો બીજીતરફ આ યુદ્ધ જહાજો પાસે ઈરાને સૈન્ય અભ્યાસ કરવાની તૈયારી હાથ ધરી છે. ઈરાને વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝની સામુદ્રધુનીમાં રવિવાર અને સોમવાર દરમિયાન સૈન્ય અભ્યાસનું આયોજન કર્યું છે. આ સામુદ્રધુની ફારસની ખાડીમાંથી વિશ્વના કુલ તેલ વેપારનો પાંચમો ભાગ પસાર થાય છે. ઈરાનની આ ગતિવિધિઓને પગલે અમેરિકી સેનાના સેન્ટ્રલ કમાન્ડે કડક ચેતવણી આપી છે કે, આ અભ્યાસ દરમિયાન અમેરિકી યુદ્ધ જહાજો કે વિમાનોને કોઈપણ પ્રકારની ધમકી આપવી અથવા વ્યાપારી જહાજોના પરિવહનમાં અડચણ ઊભી કરવી સહન કરવામાં આવશે નહીં.

સમાજના બધાં જ ક્ષેત્રોને અને દરેક વર્ગને "સૌના સાથ, સૌના વિકાસના" મંત્રથી આવરી લેવાનો સરાહનીય અભિગમ

## કેન્દ્રીય બજેટ-૨૦૨૬: વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે રિફોર્મ એક્સપ્રેસને આગળ ધપાવતું બજેટ છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

### લોથલ અને ધોળાવીરાનો પુરાતત્વીય વિરાસત ક્લસ્ટર ટુરીઝમ ડેવલોપમેન્ટમાં સમાવેશ થવાથી પ્રવાસન દ્વારા ગુજરાતમાં 'વિરાસત ભી, વિકાસ ભી'નો અભિગમ સાકાર થશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નાણાંમંત્રી શ્રીમતિ નિર્મલા સીતારમન દ્વારા રજૂ કરાયેલું ૨૦૨૬-૨૭ના વર્ષનું બજેટ વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે રિફોર્મ એક્સપ્રેસને આગળ ધપાવતું બજેટ છે તેવો સ્પષ્ટ મત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય બજેટ અંગે પ્રતિભાવમાં તેમણે કહ્યું કે, કર્તવ્ય ભવનમાં તૈયાર થયેલું બજેટ ત્રણ કર્તવ્યો પર ઝોંક આપતું બજેટ છે. આ ત્રણ કર્તવ્યોમાં, પ્રથમ કર્તવ્ય આર્થિક વિકાસને વેગ આપીને તેને ટકાવી રાખવાનું, બીજું કર્તવ્ય લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા અને તેમની કેપેસિટી બિલ્ડીંગનું છે. ત્રીજું કર્તવ્ય, સૌના સાથ, સૌના વિકાસના વિઝન સાથે સુસંગત છે અને કૃષિ, પશુપાલન-મત્સ્યોદ્યોગ, સ્વસહાય જૂથો, ગ્રામીણ અર્થતંત્ર, સૌના વિકાસને પ્રાધાન્ય આપે છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આ બજેટમાં ગ્યાન એટલે કે 'ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ' તથા દિવ્યાંગજનના પીલર્સ મજબૂત થશે. એટલું જ નહિ, સમાજના બધાં જ ક્ષેત્રોને અને દરેક વર્ગને વિકસિત ભારતના નિર્માણમાં આવરી લેવાનો ખૂબ જ સરાહનીય અભિગમ રાખવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ કેન્દ્રીય બજેટ અંતર્ગત ગુજરાતને ભવિષ્યમાં થનારા ફાયદાઓને આવકારતા કહ્યું કે, લોથલ અને ધોળાવીરાનો દેશના પુરાતત્વીય વિરાસત ક્લસ્ટર ટુરીઝમ ડેવલોપમેન્ટમાં સમાવેશ થયો છે તેનાંથી પ્રવાસન દ્વારા ગુજરાતમાં 'વિરાસત ભી, વિકાસ ભી'નો અભિગમ સાકાર થશે. દેશમાં ૨૦ આઈકોનિક પ્રવાસન સ્થળો માટે ૧૦ હજાર ટુરીસ્ટ ગાઈડ તૈયાર કરવાની યોજનાથી ગુજરાતના આઈકોનિક ટુરિસ્ટ પ્લેસીઝમાં પણ સ્થાનિક રોજગારીની તકો વધશે.

મુખ્યમંત્રીશ્રીએ આ બજેટને શહેરી વિકાસને નવી દિશા આપનારું બજેટ ગણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, શહેરી ઉત્કર્ષ માટે વડાપ્રધાનશ્રીની અતૂટ સંકલ્પબદ્ધતા આ બજેટમાં પ્રતિબિંબિત થઈ છે. ૫ લાખથી વધુ વસ્તી વાળા ટીયર-ટુ અને ટીયર-થ્રી શહેરોને સિટી ઈકોનોમિક રિજીયન બનાવવાની જાહેરાતથી રાજ્યના નાના શહેરોનો સુગ્રથિત વિકાસ વેગવંતો બનશે એવી આશા પણ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી.

ગુજરાત દેશમાં મ્યુનિસીપલ બોન્ડ ઈશ્યૂમાં અગ્રેસર રહ્યું છે તેનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ બોન્ડ માર્કેટને સુદ્રઢ કરવા માટે કેન્દ્ર સરકારનું પ્રશંસનીય કદમ છે. આ બજેટમાં મ્યુનિસીપલ બોન્ડ માટે જે પ્રોત્સાહન જાહેર થયાં છે તેનો લાભ ગુજરાતની મ્યુનિસીપાલીટીઝને પણ મળશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું કે, આ બજેટ MSMEથી લઈને મોટા ઉદ્યોગ, સૌને માટે પ્રોત્સાહક બજેટ છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈન્ડસ્ટ્રીઝ, કટીંગ એજ ટેકનોલોજી, સેમિકન્ડક્ટર, ડેટા સેન્ટર્સ જેવા ક્ષેત્રો પર ખાસ ફોકસ કરવામાં આવ્યું છે અને એમ.એસ.એમ.ઈ. પર ભાર મૂકવામાં આવ્યો છે તેનાંથી લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગોને મોટો ફાયદો થશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રોમાં ઉદ્યોગોને જે પ્રોત્સાહનો જાહેર કરવામાં આવ્યાં છે તે પણ ગુજરાતના મેન્યુફેક્ચરીંગ સેક્ટરને બૂસ્ટ અપ કરશે તેમજ ટેક્સટાઈલ સેક્ટરને વધુ ઉત્તેજન આપવા જાહેર કરવામાં આવેલી ૬ જેટલી યોજનાઓનો લાભ પણ રાજ્યના ટેક્સટાઈલ સેક્ટરને મળશે.

આ ઉપરાંત, ત્રણ કેમિકલ પાર્ક્સની જાહેરાત તથા બાયોફાર્મા ઈન્ડસ્ટ્રીઝ માટે ૧૦ હજાર કરોડની જે જાહેરાત થઈ છે તેનો પણ લાભ ગુજરાતના આ ક્ષેત્રના ઉદ્યોગોને મળશે. ઓડિશા, કેરળ, આંધ્રપ્રદેશ અને તમિલનાડુમાં ડેડિકેટેડ રેર અર્થ કોરિડોર બનાવવાની જે જાહેરાત થઈ છે તેનાથી દેશની ક્રિટિકલ મિનરલ્સની જરૂરિયાતમાં આત્મનિર્ભરતાનું વધુ એક કદમ સાબિત થશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

કેન્દ્ર સરકારે મુખ્ય ઔદ્યોગિક અને લોજિસ્ટિક કોરિડોરની નજીક ૫ યુનિવર્સિટી ટાઉનશીપ બનાવવાની આ બજેટમાં જાહેરાત કરી છે. બહુવિધ યુનિવર્સિટીઓ, કોલેજો, સંશોધન સંસ્થાઓ, કૌશલ્ય કેન્દ્રો અને રહેણાંક સંકુલ સહિતના આ આયોજિત શૈક્ષણિક ઝોનથી રાજ્યોની સ્કિલ ઈકોસિસ્ટમને બળ મળશે તેવો મત શ્રી ભૂપેન્દ્ર પટેલે દર્શાવ્યો હતો.

તેમણે જણાવ્યું કે, ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર દ્વારા સુરતને પૂર્વ ભારતના દાનકુની સાથે જોડવાની જાહેરાત લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવાની દિશામાં એક 'માસ્ટરસ્ટ્રોક' સાબિત થશે. દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ જગત પાસે હવે પૂર્વ ભારત તરફ વેપાર કરવા માટે 'હાઈ-સ્પીડ' કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે, તે રાજ્યના વેપાર અને અર્થતંત્રને અભૂતપૂર્વ ગતિ આપશે. આ ઉપરાંત ૨૦ નવા નેશનલ વોટર વેઝ બનાવવાની જાહેરાતથી દેશમાં જળમાર્ગે પણ કનેક્ટિવિટી વધુ સુદ્રઢ થશે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ખાદી, હાથશાળ અને હસ્તકલાને સુદ્રઢ બનાવવા માટે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં મહાત્મા ગાંધી ગ્રામ સ્વરાજ પહેલ શરૂ કરવાનો પ્રસ્તાવ આ બજેટમાં રજૂ કરવામાં આવ્યો છે.

આના પરિણામે સ્થાનિક ઉત્પાદનોને વૈશ્વિક બજાર જોડાણ અને બ્રાન્ડિંગમાં મદદ મળશે. લીમ, કૌશલ્ય, પ્રોસેસ અને ઉત્પાદનની ગુણવત્તા સંગીન થશે. એટલું જ નહિ, વણકરો, ગ્રામ્ય ઉદ્યોગો, વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ અને ગ્રામીણ યુવાનોને લાભ થશે તેમ પણ જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યુ કે, વડાપ્રધાનશ્રીએ હંમેશા કરદાતાઓનું સન્માન કર્યું છે અને તેમને દેશના વિકાસના ચાલક બળ ગણાવ્યાં છે. આ બજેટમાં પણ કરદાતાઓનાં સન્માનનો ખ્યાલ રાખીને પ્રામાણિકતા વધે તે દિશામાં કરવેરા ભરવામાં રહેલી ક્ષતિને ગુનો નહીં પરંતુ ભૂલ ગણીને સજાના બદલે દંડની જોગવાઈ કરી છે તે પણ પ્રસંશનીય છે. મુખ્યમંત્રીશ્રીએ સમગ્રતયા સર્વસમાવેશી, સર્વ સ્પર્શીય અને સામાન્યમાં સામાન્ય માનવી સહિત સૌના સર્વગ્રાહિ વિકાસ, કલ્યાણ તથા વિકસિત અને આત્મનિર્ભર ભારત માટેના તેમના યોગદાનને વધુ પ્રેરણા આપનારા બજેટ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય નાણાંમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# "મેરા ટિકટ, મેરી શાન — વિકસિત ભારત કે લિએ મેરા યોગદાન" અભિયાન હેઠળ જૂનાગઢ રેલવે સ્ટેશન પર જનજાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન



પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા રેલ યાત્રીઓને માન્ય ટિકિટ લઈને મુસાફરી કરવા તથા ડિજિટલ રેલવે સેવાઓના ઉપયોગ અંગે જાગૃતિ વધારવાના હેતુથી પ્રમુખ મુખ્ય વાણિજ્ય પ્રબંધક શ્રી તરૂણ જૈનના માર્ગદર્શન અને પ્રેરણાથી ચલાવવામાં આવી રહેલા "મેરા ટિકટ, મેરી શાન — વિકસિત ભારત કે લિએ મેરા યોગદાન" અભિયાન અંતર્ગત તારીખ ૦૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ (રવિવાર)ના રોજ જૂનાગઢ રેલવે સ્ટેશન પર જનજાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે જૂનાગઢના માનનીય ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરાડીયા, મહાપૌર શ્રી ધર્મેશ પોશિયા, ઉપમહાપૌર શ્રી આકાશ કટારા, ભાજપના પૂર્વ અધ્યક્ષ શ્રી પુનિત શર્મા, ભાજપ ઉપાધ્યક્ષ ગીતાબેન, ભાજપ દંડક શ્રી કલ્પેશ અજવાણી, બક્ષી પંચ પ્રદેશ મોરચાના ઉપાધ્યક્ષ શ્રી જે. કે. ચાવડા સહિત અન્ય સ્થાનિક ગણમાન્ય જનપ્રતિનિધિઓની ગૌરવસભર ઉપસ્થિતિ રહી. કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈને કાર્યક્રમની શોભા વધારી. કાર્યક્રમ દરમિયાન જનપ્રતિનિધિઓએ યાત્રીઓ અને વિદ્યાર્થીઓને માન્ય ટિકિટ લઈને મુસાફરી કરવાની મહત્તા સમજાવી અને સંદેશ આપ્યો કે ટિકિટ લઈને મુસાફરી કરવી માત્ર કાનૂની ફરજ નથી, પરંતુ ઈમાનદારી, શિસ્ત અને નાગરિક જવાબદારીનું પ્રતિક છે. આ પહેલ દ્વારા સામાન્ય જનતા અને વિદ્યાર્થીઓમાં જવાબદાર મુસાફરીની ભાવના મજબૂત બનાવવામાં આવી.

વાણિજ્ય વિભાગ દ્વારા યાત્રીઓને રેલવન (RailOne) એપ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. એપના મુખ્ય લાભો—જેમ કે સરળ ટિકિટ બુકિંગ, ટ્રેનોની રિયલ-ટાઈમ માહિતી તથા એક જ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ વિવિધ રેલવે સેવાઓ—વિશે વિગતવાર જાણકારી આપી ડિજિટલ સેવાઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

આ અવસરે વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે આ અભિયાન યાત્રીઓને માન્ય ટિકિટ સાથે મુસાફરી કરવા, ડિજિટલ રેલવે સેવાઓ અપનાવવા અને સુરક્ષિત, પારદર્શક તથા કાર્યક્ષમ રેલવે પ્રણાલીના નિર્માણમાં સહભાગી બનવા માટે પ્રેરિત કરે છે.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ જણાવ્યું કે કાર્યક્રમ દરમિયાન શાળાના બાળકોએ જાગૃતિ સૂત્રોચ્ચાર દ્વારા યાત્રીઓને "ટિકિટ લઈને જ મુસાફરી કરો" તેવી અપીલ કરી. આ અભિયાનથી યાત્રીઓમાં રેલવે નિયમો પ્રત્યે જાગૃતિ વધવાની સાથે વિદ્યાર્થીઓને નાગરિક ફરજો, ઈમાનદાર મુસાફરી અને સામાજિક જવાબદારીના મહત્વ વિશે માહિતી મળી. આ જનજાગૃતિ કાર્યક્રમ બાળકો માટે પ્રેરણાદાયી અનુભવ સાબિત થયો, જેના દ્વારા તેમનામાં આત્મવિશ્વાસ સાથે સમાજ પ્રત્યે સકારાત્મક ભાગીદારીની ભાવના વિકસી. પશ્ચિમ રેલવે દ્વારા બાળકોને આ અભિયાનનો ભાગ બનાવી ભવિષ્યના જવાબદાર નાગરિકોના નિર્માણ તરફ એક સાર્થક પહેલ કરવામાં આવી.

# સ્વાતંત્ર્ય સેનાની શ્રી અબ્બાસ તૈયબજીની ૧૭૨મી જન્મ જયંતી નિમિત્તે વિધાનસભા ખાતે પુષ્પાંજલિ અર્પણ કરાઈ



ભારતના સ્વાતંત્ર્ય સેનાની શ્રી અબ્બાસ શમશુદીન તૈયબજીની આજે ૧૭૨ મી જન્મ જયંતી નિમિત્તે ગુજરાત વિધાનસભાના સચિવ શ્રી ચેતન પંડ્યા દ્વારા વિધાનસભા પોડિયમ ખાતે તેમના તૈલચિત્રને ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી.

આ પુષ્પાંજલિ કાર્યક્રમમાં સહભાગી થવા બદલ વિધાનસભા સચિવ શ્રી ચેતન પંડ્યાના હસ્તે એસ.વી.અંગ્રેજી મીડિયમ શાળાના વિદ્યાથીઓ- શિક્ષકોને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે વિધાનસભાના સંયુક્ત સચિવ શ્રી રિટા મહેતા,નાયબ સચિવ સર્વે શ્રી હર્ષિલ પટેલ, શ્રી ચૌધરી સહિત ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓ તેમજ ગાંધીનગરની એસ.વી.અંગ્રેજી મીડિયમના વિદ્યાથીઓ- શિક્ષકોએ શ્રી તૈયબજીના તૈલચિત્રને પુષ્પ અર્પણ કર્યા હતા.

શ્રી અબ્બાસ શમશુદીન તૈયબજીનો પરિચય:

ધર્મપ્રેમી,પ્રામાણિક,ન્યાયી અને ખુદાની બંદગી કરનાર શ્રી તૈયબજીનો જન્મ તા.૦૧ ફેબ્રુઆરી ૧૮૫૪ના રોજ વડોદરામાં થયો હતો. તેઓએ વર્ષ ૧૮૭૯-૧૯૧૩ દરમિયાન ૩૪ વર્ષ સુધી મહારાજા સયાજીરાવ ગાયકવાડના વડોદરા રાજ્યમાં ન્યાય ખાતામાં સેવા આપી તેમજ સયાજીરાવ ગાયકવાડના અંગત મિત્ર બન્યા. વર્ષ ૧૯૧૯માં જલિયાંવાલા બાગ હત્યાકાંડની તપાસ સમિતિમાં ગાંધીજી દ્વારા તેમની પસંદગી કરવામાં આવી હતી. વર્ષ ૧૯૨૧માં 'ટિળક સ્વરાજ ફાળો' ઉઘરાવવામાં ખેડા જિલ્લાના રૂા. ૯૦ હજારના ફાળાની સામે રૂા.૧.૧૫ લાખનો ફાળો એકઠો કર્યો હતો. વર્ષ ૧૯૨૮ની 'ના-કર'ની લડતમાં સક્રિય થવાથી ધારાસણા સત્યાગ્રહમાં ધરપકડ થતાં છ માસની જેલ પણ થઇ હતી. શ્રી તૈયબજીનું તા.૦૯ મે ૧૯૩૬ના રોજ વડોદરા ખાતે અવસાન થયું હતું.

- જનક દેસાઈ

# રાજકોટમાં નરાધમ બાપની કાળી કરતુત : સગી દિકરીની ૪ વર્ષ અને ભત્રીજી ની ૭ વર્ષ સુધી આબરૂ લુંટતો રહ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટના ઉપલેટા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પિતા પુત્રીના પવિત્ર સંબંધને શર્મસાર કરનારો કિસ્સો બહાર આવ્યો છે. પિતાની હવસખોરીથી કંટાળી જઈ સગી દિકરીએ માતા પિતાનુ ઘર છોડી દીધુ હોવાની ઘટના બહાર આવી છે. ત્યારે પોલીસ દ્વારા દિકરીની ભાળ મેળવીને તેની પુછપરછ કરતા છેલ્લા ૩-૪ વર્ષથી માસુમ દિકરી પોતાના પિતાની હવસનો શિકાર બનતી હોવાનુ બહાર આવ્યુ છે. સાથે જ આ મામલે પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કર્યા બાદ નરાધમ પિતાની જુની કરતુતનો પણ ભાંડો ફુટયો છે.



પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ રાજકોટ જિલ્લાના ઉપલેટા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી ૧૯ વર્ષીય પુત્રીએ પોતાના માતા પિતાનુ ઘર છોડીને ભાગી ગઈ હતી. જે સમગ્ર મામલાની જાણ ૧૯ વર્ષીય પુત્રીના પિતા દ્વારા ઉપલેટા પોલીસને કરવામાં આવી હતી. ઉપલેટા પોલીસને ઘટનાની જાણ થતા તાત્કાલીક અસરથી ઉપલેટા પોલીસ તેમજ રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા દિકરીની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. બાદમાં રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા દિકરીને શોધી કાઢી તેની પુછપરછ હાથ ધરવામાં આવી હતી. પુછપરછ દરમિયાન દિકરીએ કેટલાક ચોંકાવનારા ખુલાસાઓ કર્યા હતા. જે અંતર્ગત તેના પિતા તેણીની સાથે છેલ્લા ૩-૪ વર્ષથી બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધતા હોવાનુ જણાવ્યુ હતું. તાત્કાલીક અસરથી રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા દિકરીના પિતાની પણ પુછપરછ હાથ ધરવામાં આવી હતી. ત્યારે આરોપીએ પોતે પોતાના ગુન્હાની કબુલાત આપી હોવાનુ બહાર આવ્યુ છે. ૧૯ વર્ષીય ભોગ બનનાર દિકરી દ્વારા બળાત્કાર તેમજ પોકસો એકટની કલમ અંતર્ગત ઉપલેટા પોલીસ સ્ટેશન ખાતે પોતાના પિતા વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવતા તાત્કાલીક અસરથી પોલીસ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી.

ગુન્હાના કામે દિકરીના રૂમમાં રાત્રીના સમયે તેના નરાધમ પિતા દ્વારા દુષ્કર્મ આચરવામાં આવતુ હતું. ત્યાંથી કેટલાક સાંયોગીક પુરાવાઓ પણ એકત્રીત કરવામાં આવ્યા છે. તો સાથે જ તપાસના કામે આરોપી દ્વારા ગુન્હાના સમયે વાપરવામાં આવતી ઝેલ, પ્રોટેકશન કીટ, મોબાઈલ ફોન સહિતની વસ્તુઓ કબ્જે લેવામાં આવી છે. પુછપરછ દરમિયાન યુવતિએ પોલીસને જણાવ્યુ હતુ કે આરોપી ઘરમાં જ જેલ જેવો રૂમ બનાવ્યો હતો અને જયાં તે દિકરીને રાત્રીના સમયે અશ્વલીલ વિડીયો બતાવી તેને શારીરિક શોષણ માટે મજબુર કરતો હતો. તેમજ દિકરીનો અવાજ કે પ્રતિકાર ન સંભળાય તે માટે ટીવીનુ વોલ્યુમ પણ વધારી દેતો હતો. પ્રાથમિક તપાસમાં આ દુષ્કર્મ લાંબા સમયથી ચાલતુ હોવાનુ બહાર આવ્યુ છે. એટલુ જ નહી પોલીસ પુછપરછ દરમિયાન વધુ એક ચોંકાવનારો ખુલાસો બહાર આવ્યો હતો. આરોપી પિતાએ તેની ભત્રીજી પર પણ છેલ્લા ૭ વર્ષથી દુષ્કર્મ ગુજાર્યુ હોવાનુ બહાર આવ્યુ છે. આ અંગે રાજકોટ ગ્રામ્યના જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જરે મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે મામલો અત્યંત ગંભીર છે. પીડીતાઓને કાયદેસર સુરક્ષા અને ન્યાય મળે તે માટે તમામ જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે. નોંધનીય છે કે હાલ આ મામલે પોલીસ દ્વારા આરોપીની ભત્રીજીનુ કાઉન્સેલીંગ કરવામાં આવી રહ્યુ છે. તેમજ પોલીસની પ્રાથમિક તપાસમાં ભત્રીજી સાથે છેલ્લા ૭ વર્ષથી હવસખોર પિતા સમાન કાકા દ્વારા દુષ્કર્મ આચરવામાં આવી રહ્યુ હોવાનુ જાણવા મળ્યુ છે. આરોપી પોતે દિવ્યાંગ હોવાનુ તેમજ તેની પત્નીને કેન્સરની જીવલેણ બિમારી હોવાનુ બહાર આવ્યુ છે. તપાસમાં બહાર આવ્યુ છે કે રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા આરોપીની પત્નીને ચોથા સ્ટેજનુ કેન્સર હોવાના કારણે ડીડીઓ સાથે સંકલન કરીને હેલ્થ વિભાગ દ્વારા તાત્કાલીક અસરથી યોગ્ય ટ્રીટમેન્ટ મળે તે બાબતે પણ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે તેમજ આગામી સમયમાં ભત્રીજી ની ફરીયાદના આધારે તેના હવસખોર કાકા વિરૂધ્ધ અન્ય ફરીયાદ પણ નોંધવામાં આવશે.

# કેન્દ્રીય બજેટ અંગે માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રતિક્રિયા

★ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા સામાન્ય લોકોને પ્રાધાન્ય આપ્યું છે. તેમના નેતૃત્વમાં વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે રિફોર્મ એક્સપ્રેસને આગળ ધપાવતું આ બજેટ છે.

★ નાણાંમંત્રી શ્રીમતિ નિર્મલા સિતારામનજીને સતત નવમી વાર બજેટ રજૂ કરવા માટે અભિનંદન પાઠવું છું.

★ કર્તવ્ય ભવનમાં તૈયાર થયેલું આ બજેટ ત્રણ કર્તવ્યો પર ઝોંક આપતું બજેટ છે.

★ તેમાં ગ્યાન એટલે કે 'ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ' તથા દિવ્યાંગજનના પીલર્સ મજબૂત થશે.

★ આ ત્રણ કર્તવ્યોમાં સમાજના બધાં જ ક્ષેત્રોને અને દરેક વર્ગને "સૌના સાથ, સૌના વિકાસના" મંત્રથી આવરી લેવાનો ખૂબ જ સરાહનીય અભિગમ રાખવામાં આવ્યો છે.

★ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈન્ડસ્ટ્રીઝ, કટીંગ એજ ટેકનોલોજી, સેમિકન્ડક્ટર, ડેટા સેન્ટર્સ જેવા ક્ષેત્રો પર ખાસ ફોકસ કરવામાં આવ્યું છે.

★ એમ.એસ.એમ.ઈ. પર ભાર મૂકવામાં આવ્યો છે તેનાંથી લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગોને મોટો ફાયદો થશે.

★ મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રોમાં ઉદ્યોગોને જે પ્રોત્સાહનો જાહેર કરવામાં આવ્યાં છે તે પણ ગુજરાતના મેન્યુફેક્ચરીંગ સેક્ટરને બૂસ્ટ અપ કરશે.

★ પૂર્વ ભારતના દાનકુનીથી સુરત સુધીના ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોરથી રાજ્યના વ્યાપાર-ઉદ્યોગ અને ઉત્પાદન ક્ષેત્ર માટે ઝડપી લોજિસ્ટીક્સ સેવાઓ મળતી થશે.

★ ટેક્સટાઈલ સેક્ટરને વધુ ઉત્તેજન આપવા જાહેર કરવામાં આવેલી ૬ જેટલી યોજનાઓનો લાભ ગુજરાતના ટેક્સટાઈલ સેક્ટરને મળશે.

★ ત્રણ કેમિકલ પાર્ક્સની જાહેરાત તથા બાયોફાર્મા ઈન્ડસ્ટ્રીઝ માટે ૧૦ હજાર કરોડની જે જાહેરાત થઈ છે તેનો પણ લાભ ગુજરાતના આ ક્ષેત્રના ઉદ્યોગોને મળશે.

★ ગુજરાત દેશમાં મ્યુનિસીપલ બોન્ડ ઈશ્યૂમાં અગ્રેસર રહ્યું છે

★ આ બજેટમાં મ્યુનિસીપલ બોન્ડ માટે જે પ્રોત્સાહન જાહેર થયાં છે તેનો લાભ ગુજરાતની મ્યુનિસીપાલીટીઝને પણ મળશે.

★ ૫ લાખથી વધુ વસ્તી વાળા ટીયર-ટુ અને ટીયર-થ્રી શહેરોને સિટી ઈકોનોમિક રિજીયોન બનાવવાની જાહેરાતથી રાજ્યના નાના શહેરોનો સુગ્રથિત વિકાસ વેગવંતો બનશે.

★ જામનગરનાં ગ્લોબલ ટ્રેડીશનલ મેડિસીન સેન્ટરને અપગ્રેડ કરવાની જાહેરાતથી પરંપરાગત ઔષધિઓના સંશોધનનો વ્યાપ વિશ્વભરમાં થશે.

★ લોથલ અને ધોળાવીરાનો દેશની ૧૫ પુરાતત્વીય વિરાસત કલસ્ટર ટુરીઝમ ડેવલોપમેન્ટમાં સમાવેશ થયો છે તેનાંથી પ્રવાસન દ્વારા ગુજરાતમાં 'વિરાસત ભી, વિકાસ ભી'નો અભિગમ સાકાર થશે.

★ દેશમાં ૨૦ આઈકોનિક પ્રવાસન સ્થળો માટે ૧૦ હજાર ટુરીસ્ટ ગાઈડ તૈયાર કરવાની યોજનાથી ગુજરાતના આઈકોનિક ટુરિસ્ટ પ્લેસીઝમાં સ્થાનિક રોજગારીની તકો વધશે.

★ કૃષિ, પશુપાલન-મત્સ્યોદ્યોગ, સ્વસહાય જૂથો, ગ્રામીણ અર્થતંત્ર, સૌના વિકાસને પ્રાધાન્ય અપાયું છે.

★ વડાપ્રધાનશ્રીએ હંમેશા કરદાતાઓનું સન્માન કર્યું છે અને તેમને દેશના વિકાસના ચાલક બળ ગણાવ્યાં છે.

★ આ બજેટમાં પણ કરદાતાઓનાં સન્માનનો ખ્યાલ રાખીને પ્રામાણિકતાઅ વધે તે દિશામાં કરવેરા ભરવામાં રહેલી ક્ષતિને ગુનો નહીં પરંતુ ભૂલ ગણીને સજાના બદલે દંડની જોગવાઈ કરી છે.

★ સમગ્રતયા આ બજેટ સર્વસમાવેશી, સર્વ સ્પર્શીય અને સામાન્યમાં સામાન્ય માનવી સહિત સૌના સર્વગ્રાહિ વિકાસ, કલ્યાણ તથા વિકસિત અને આત્મનિર્ભર ભારત માટેના તેમના યોગદાનને વધુ પ્રેરણા આપતું બજેટ છે.

# રાજયમંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષસ્થાને સજીયાવદર ખાતે ગ્રામપંચાયત ભવન ઈ-ખાતમુહુર્ત કાર્યક્રમ યોજાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ગરીમામય વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લાના ગ્રામિણ વિકાસ માટે એક ઐતિહાસિક દિવસ રહ્યો હતો. જિલ્લાની કુલ ૧૯૪ ગ્રામ પંચાયતોના નવનિર્મિત મકાનોના નિર્માણ માટે ઈ-ખાતમુહુર્ત કાર્યક્રમ યોજાયો હતો. અમરેલીના સજીયાવદર ખાતે આયોજીત કાર્યક્રમમાં ઉર્જા અને કાયદા રાજય મંત્રી કૌશિક વેકરીયાએ અધ્યક્ષસ્થાન શોભાવ્યુ હતું. રાજયમંત્રી કૌશિક વેકરીયાએ જણાવ્યુ હતુ કે રૂપીયા ૪૮ કરોડથી વધુના માતબર ખર્ચે તૈયાર થનારા આ આધુનિક પંચાયત ભવનો, ગ્રામ સ્વરાજયની સંકલ્પનાને ખરા અર્થમાં ચરીતાર્થ કરશે. આ નવા મકાનોથી ગ્રામ્ય વહિવટમાં પારદર્શિતા આવશે અને નાગરીકોને તમામ સરકારી સેવાઓ એક જ સ્થળે સુવિધાજનક રીતે મળી રહેશે. મંત્રીએ અમરેલી વિધાનસભા મતવિસ્તાર માટે વિકાસના અન્ય મહત્વના લક્ષ્યાંકો પણ જાહેર કર્યા હતા. જેમાં મતવિસ્તારના તમામ ગામડાઓમાં શાળાના નવા ભવનોની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. તેમજ માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજય અને પંચાયત હસ્તકના તમામ રોડ રસ્તાઓના કામ ચોમાસા અગાઉ પુર્ણ કરવાની નેમ રખાઈ છે. વધુમાં મંત્રીએ કહ્યુ હતુ કે તમામ આંગણવાડીઓને મોડેલ આંગણવાડી તરીકે વિકસાવવાનુ આયોજન છે. ખેડુતોના હિતમાં રાજય સરકારની કામગીરી પર પ્રકાશ પાડતા મંત્રીએ કહ્યુ હતુ કે ખેડુતોને કમોસમી વરસાદની નુકશાની પેટે સહાય અને તાજેતરમાં જાહેર કરાયેલા રૂપીયા ૧૦ હજાર કરોડના કૃષિ રાહત પેકેજના નાણાં સીધા ખાતામાં જમા કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત રૂપીયા ૧૫ હજાર કરોડની ટેકાના ભાવે ખરીદી દ્વારા સરકારે કૃષિકારોને મોટી આર્થિક હુંફ આપી છે. સજીયાવદર ખાતે ઈ ખાતમુહુર્ત કાર્યક્રમ અગાઉ મંત્રીએ લાપાળીયા અને ચાંપાથળ ગામે પણ નવીન પંચાયત ભવનના ખાતમુહુર્ત કર્યા હતા.




## યુવતીનો રહસ્યમય સંજોગોમાં ગળા ફાંસો ખાઈ આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

સાવલી તાલુકાના પોઈચા ગામે સાસરીમાં રહેતી સગીર વયની યુવતીએ રહસ્યમય સંજોગોમાં ગળા ફાંસો ખાઈ આત્મહત્યા કરતા વિસ્તારમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં આવેલ દાવોલ ગામમાં રહેતા કિરણ સોમાભાઈ ગોહિલની ૧૭ વર્ષની પુત્રી નિશાના લગ્ન સાવલી તાલુકાના પોઈચા ગામમાં રહેતા નિલેશ ભીખાભાઈ રાઠોડ સાથે નક્કી થયા હતા બંનેએ માતા અને પિતાની સંમતિથી લગ્ન પહેલા સગાઈ કરી હતી. આઠ મહિના પહેલા નિલેશને પગમાં ફેક્ચર થતા નિશા સાસરીમાં મદદ માટે આવી હતી. અને છેલ્લા આઠ મહિનાથી તે સાસરીમાં રહેતી હતી. તારીખ ૩૦ના રોજ નિલેશ અને તેની માતા બંને ખેતરમાં ચાર લેવા માટે ગયા હતા ઘેર પરત ફર્યા ત્યારે ઘરના બંને દરવાજા બંધ હતા જેથી તેમને બારીમાંથી જોતા નિશા પંખા ઉપર ગળા ફાંસો ખાધેલી હાલતમાં મળી હતી. નિશાને તાત્કાલિક નીચે ઉતારી વડોદરાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી જોકે તેનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું.

કસ્ટમ્સ વિભાગની કાર્યવાહી

## બેંગકોકથી આવેલા મુસાફરના મોંઢામાં છુપાવેલું સાત લાખનું સોનું ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU)એ સોનાની તસ્કરીના એક અનોખી મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ કર્યો છે. બેંગકોકથી આવેલો એક મુસાફર કસ્ટમ્સ ચેકિંગથી બચવા માટે સોનાની ચાર કેપ્સ્યુલ પોતાના મોઢામાં છુપાવીને લાવ્યો હતો. અધિકારીઓએ આ મુસાફર પાસેથી ૧૦૮.૦૭ ગ્રામ ૨૪ કેરેટ સોનું જપ્ત કર્યુ છે, જેની બજાર કિંમત આશરે ૧૭.૩૯ લાખ રૂપિયા થાય છે. કસ્ટમ્સ વિભાગના જણાવ્યા અનુસાર, ૩૧ જાન્યુઆરીની મોડી રાત્રે બેંગકોકથી વિયેતજેટ એરની ફ્લાઈટ નંબર VZ 750 અમદાવાદ એરપોર્ટ પર ઉતરી હતી. AIUના અધિકારીઓને શંકાસ્પદ મુસાફરો અંગેના અગાઉથી મળેલા ઈનપુટ્સ અને મુસાફરના હાવભાવ પરથી શંકા ગઈ હતી. આ મુસાફરને અટકાવીને જ્યારે તેની સઘન પૂછપરછ અને તપાસ કરવામાં આવી ત્યારે અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, મુસાફરે કાળા રંગની એડહેસિવ ટેપમાં લપેટેલી કેપ્સ્યુલ આકારની સોનાની ચાર લગડીઓ પોતાના મોઢામાં છુપાવી રાખી હતી. આ સોનાની શુદ્ધતા ૨૪ કેરેટ માલૂમ પડી હતી. કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ હેઠળ આ મુદ્દામાલ જપ્ત કરીને મુસાફર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, એરપોર્ટ સુરક્ષા અને કસ્ટમ્સ ચેકિંગમાં પકડાઈ જવાની બીકે તસ્કરો હવે શરીરના અંગોમાં સોનું છુપાવવાની જોખમી પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. મોઢામાં આ રીતે સોનું છુપાવવું જોખમો ઊભા કરી શકે છે. હાલમાં મુસાફરની ઓળખ ગુપ્ત રાખી તેની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસ અને કસ્ટમ્સ વિભાગ એ દિશામાં તપાસ કરી રહ્યા છે કે, આ સોનું ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને અમદાવાદમાં તે કોને પહોંચાડવાનું હતું. આ ઘટના પાછળ કોઈ આંતરરાષ્ટ્રીય સ્મગલિંગ નેટવર્ક કામ કરી રહ્યું છે કે કેમ તે અંગે પણ તપાસ તેજ કરવામાં આવી છે.

દાણચોરી કેસમાં થયો મોટો ખુલાસો

# જેદ્દાહથી આવેલી ચાર મહિલાઓની દોઢ કરોડના સોના સાથે ધરપકડ

## અમદાવાદ એરપોર્ટ પર ચાર મહિલા મુસાફરો પાસેથી ૧.૫૨ કરોડ રૂપિયાની કિંમતનું ૨૪ કેરેટ સોનું જપ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ એરપોર્ટ પર જેદ્દાહથી આવેલી ચાર મહિલા મુસાફરો પાસેથી ૧.૫૨ કરોડ રૂપિયાની કિંમતનું ૨૪ કેરેટ સોનું જપ્ત કરવામાં આવ્યું છે. તસ્કરોએ સોનાને ઓળખાય નહીં તે રીતે તેના પર રોડિયમનું પડ ચઢાવ્યું હતું, પરંતુ કસ્ટમ્સ અધિકારીઓની સતર્કતાએ આ આખા ખેલનો પર્દાફાશ કર્યો હતો.

૧ ફેબ્રુઆરીના રોજ જેદ્દાહથી અકાસા એરની ફ્લાઈટ નંબર QP 564 અમદાવાદ એરપોર્ટ પર ઉતરી હતી. મુસાફરોના સામાનના એક્સ-રે સ્કેનિંગ દરમિયાન કસ્ટમ્સ અધિકારીઓને કેટલીક શંકાસ્પદ છબીઓ જોવા મળી હતી. શંકાના આધારે એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU)ની ટીમે મહિલા મુસાફરોને અટકાવી તેમની સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મહિલાઓ પાસેથી સોનાની ૭ ચેઈન અને ૭ સોનાની બંગડીઓ મળી આવી હતી. તપાસમાં બહાર આવ્યું કે, કસ્ટમ્સ અધિકારીઓની નજરથી બચવા માટે સોનાના આ દાગીનાઓ પર રોડિયમનું કોટિંગ કરવામાં આવ્યું હતું, જેથી તે પ્રથમ નજરે સોના જેવું ન લાગે. અધિકારીઓએ જ્યારે તેની ચોકસાઈ કરી ત્યારે ૯૪૫.૫૭ ગ્રામ વજનનું સોનું હોવાનું જણાયું હતું, જેની બજાર કિંમત ૧.૫૨ કરોડ રૂપિયા થાય છે. પ્રાથમિક પૂછપરછમાં મહિલાઓએ ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે, આ સોનું તેમની સાથે મુસાફરી કરી રહેલા એક ટ્રાવેલ એજન્ટે તેમને આપ્યું હતું. કસ્ટમ્સ વિભાગ હવે આ ટ્રાવેલ એજન્ટની ભૂમિકાની તપાસ કરી રહ્યું છે. પશ્ચિમ એશિયા અને ભારત વચ્ચે ચાલતા સંગઠિત સોનાની તસ્કરીના નેટવર્કમાં આ ટોળકીની સંડોવણી હોવાની પ્રબળ આશંકા છે.

સમગ્ર કેસમાં કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ હેઠળ સોનાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ સોનું કોને પહોંચાડવાનું હતું અને આ અગાઉ એજન્ટે કેટલી વાર આવી રીતે સોનાની હેરાફેરી કરી છે તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે.

# હવે કોળી સમાજનુ પોતાનુ બંધારણ બનશે: હિરા સોલંકીએ બગદાણા વિવાદને લઈ કરી જાહેરાત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર અને અમદાવાદમાં સામાજિક ગતિવિધીઓ તેજ બની છે. ગુજરાતમાં સામાજિક સમીકરણોમાં અત્યંત મહત્વનુ સ્થાન ધરાવતા કોળી સમાજ માટે બંધારણની જાહેરાત કરવામાં આવી છે. અખિલ ભારતીય કોળી સમાજના ગુજરાત પ્રદેશની કારોબારી બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ હિરાભાઈ સોલંકીએ સમાજની એકતા અને ભવિષ્યની રણનીતીને લઈને મહત્વપૂર્ણ નિવેદનો આપ્યા હતા. જેની ચર્ચા સમગ્ર રાજયમાં શરૂ થઈ છે.

તાજેતરમાં થયેલા બગદાણા વિવાદને યાદ કરતા હિરાભાઈ સોલંકીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતુ કે આ લડાઈ વ્યકિતગત નહી પણ ન્યાય અને અન્યાય વચ્ચેની હતી. તેમણે કારોબારીને સંબોધતા જણાવ્યુ હતુ કે બગદાણા પ્રકરણમાં કોળી સમાજે જે એકતા દેખાડી છે તે અભુતપૂર્વ હતી. આ જીતનો તમામ જશ હું સમગ્ર કોળી સમાજને આપુ છું. આ લડાઈ મારી કે પરશોત્તમભાઈની ન હતી.



નવનીતભાઈ તો માત્ર નિમિત બન્યા હતા. પરંતુ લડાઈ સિધ્ધાંતોની હતી. ભવિષ્યમાં પણ જો સમાજ પર કોઈ અન્યાય થાય તો આવી જ એકતા બતાવવા તેમણે વિનંતી કરી હતી. આ સંવેદનશીલ મામલે નિષ્પક્ષ તપાસ માટે સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) ની રચના કરવા બદલ તેમણે ગુજરાત સરકારનો આભાર માન્યો હતો. સમાજ સુધારણાની દિશામાં એક મોટુ પગલુ ભરતા હિરાભાઈએ જાહેરાત કરી હતી કે ઠાકોર સમાજની જેમ હવે કોળી સમાજ પણ પોતાનુ આગવુ બંધારણ બનાવશે. આ બંધારણ બનાવવા માટે આગેવાનો હવે ગામડે ગામડે જશે અને વડીલો તેમજ લોકોના અભિપ્રાયો લેશે જેથી સર્વસંમંતિ સાધી શકાય,

નિયમો અંગે વાત કરતા તેમણે કહ્યુ હતુ કે સમાજના હીત માટે કદાચ અમારે કડવુ થવુ પડે તો અમે થઈશુ, બંધારણના અમુક કડક નિયમો કદાચ કોઈને શરૂઆતમાં ન ગમે પણ તેનો ફાયદો લાંબાગાળે આખી પેઢીને મળશે. તેમણે ૧૯૯૮ માં શરૂ કરેલા સમહુલગ્નના ઉદાહરણ દ્વારા સમજાવ્યુ કે તેના પરીણામે આજે ૪૨ પૈકી ૪૯ ગામોમાં સમુહલગ્ન યોજાઈ રહ્યા છે. જે સમાજમાં આવેલુ મોટુ પરીવર્તન છે. પોતાના મોટાભાઈ અને દિગ્ગજ નેતા પરશોત્તમ સોલંકીનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યુ હતુ કે અમે બંને ભાઈઓ જે કંઈ પણ છીએ તે કોળી સમાજને આભારી છીએ. જો કે સોશીયલ મીડીયા પર સમાજના લોકો દ્વારા થતી ટીકાઓ અંગે તેમણે લાલબત્તી ધરી હતી અને ટીકાકારોને રોકડુ પરખાવ્યુ હતું. તેમણે શાયરાના અંદાજમાં કહ્યુ હતુ કે તેરા વકત અચ્છા હૈ, હમસે કિનારા કર લે, હમ તો બુરે લોગ હૈ, બુરે વકત મેં કામ આતે હૈ, તેમણે યુવાનોને ખાસ અપીલ કરી હતી કે આગેવાનોથી કદાચ કોઈ ભુલ થાય તો પણ જાહેરમાં કડવુ બોલવાને બદલે એકતા જાળવી રાખવી જોઈએ. કારણ કે સમાજની એકતા જ આપણી સાચી તાકાત છે.

## હિંમતનગર સર્વોદય નાગરીક સહકારી બેંકમાં શાંતિપૂર્ણ રીતે યોજાયુ મતદાન





### ૩ મહિલા ઉમેદવારોમાંથી ૧નું ફોર્મ રદ થતા ૨ બિનહરીફ જાહેર: ૪ વાગ્યા સુધીમાં ૩૫ થી ૪૦ ટકા યોજાયુ મતદાન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરની સર્વાદય નાગરીક સહકારી બેંકમાં ૯ સામાન્ય વિભાગ અને ૧ અનુસુચિત જનજાતિની ડીરેકટર પદ માટેની જગ્યા ખાલી પડી હતી. જેને લઈ આ ૧૦ ડીરેકટર પદ ઉમેદવારો માટે ની ચુંટણી યોજાઈ હતી.

લોકમુખે ચર્ચાયેલ મુજબ ૧ સામાન્ય વિભાગના ઉમેદવારની જીદને કારણે આ ચુંટણી યોજાઈ હતી. બેંકમાં કુલ ૧૮ ઉમેદવારોએ ડીરેકટર પદ માટે ઉમેદવારી ફોર્મ ભર્યા હતા. જેમાં સામાન્ય વિભાગમાં ૧૨ માં થી ૨ ઉમેદવારોએ જે તે સમયે ઉમેદવારી ફોર્મ પાછા ખેંચી લેતા ૧૦ ડીરેકટર પદ માટે ના ઉમેદવારોની ચુંટણી યોજાઈ હતી. જયારે ૩ મહિલા ઉમેદવારોમાંથી ૧ નુ ફોર્મ રદ થતા ૨ મહિલાઓને બિનહરીફ જાહેર કરાઈ હતી. જેમાં શહેબાજબેન ડોઈ અને જાકેરાબેન રણાસીયા ને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા. જયારે અન્ય ૩ અનુસુચિત જાતિના ઉમેદવારોએ ચુંટણી જંગમાં ઝંપલાવ્યુ હતું. આ અંગે ચુંટણી અધિકારી અલ્તાફભાઈ સાબુગરે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે બેંકમાં ગઈ તારીખ ૩૧/૩/૨૦૨૪ સુધીના કુલ ૮૯૯૭ સભાસદોને મતદાન કરવાનો અધિકાર આપવામાં આવ્યો હતો, જયારે અન્ય ૪૦૦ થી ૫૦૦ નવા સભાસદોને મતદાન કરવા માટે છુટછાટ આપવામાં આવી ન હતી. વધુમાં ચુંટણી અધિકારીએ જણાવ્યુ હતુ કે અંદાજે ૯ હજાર જેટલા સભાસદોમાંથી માત્ર ૮૯૯૭ સભાસદો મતદાન કરી શકશે. વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે ચુંટણીની કામગીરી માટે ૬૦ જેટલા સ્ટાફની મદદ લેવામાં આવી છે જેમાં નિવૃત્ત થયેલ તેમજ ચાલુ ફરજ ઉપર રહેલા સ્ટાફની મદદ લેવામાં આવી છે. બેંકની ચુંટણીમાં સવાર થી જ મદ્રેસા હાઈસ્કુલના પટાંગણમાં ઉમેદવારોના ટેકેદારો પ્રચાર કરતા નજરે પડયા હતા. બેંકમાં સૌથી વધુ વ્હોરા સમાજના સભાસદો હોવાને કારણે સમાજના સગા સંબંધીઓ પોતાનો ઉમેદવાર જીતે તે માટે એડીચોટીનુ જોર લગાડતા નજરે પડયા હતા.ચુંટણી અધિકારીએ વધુમાં કહ્યુ હતુ કે સાંજે ૪ વાગ્યા સુધીમાં કુલ ૩૩૬૦ સભાસદોએ મતદાન કર્યુ હતું.

### કલેકટર તંત્ર ની જમીન ખાલી કરવાની નોટીસો સામે દબાણકારો હાઈકોર્ટ માં પહોચ્યા

# રાજકોટના જંગલેશ્વર માં ડીમોલેશનને હાઈકોર્ટનો રૂક જાવ નો આદેશ: આજે થશે સુનાવણી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટના આજી વસાહત પાસે આજી નદીના કાંઠે આવેલ જંગલેશ્વર સહિતની ૫ સોસાયટીના ૧૩૫૮ જેટલા દબાણકારોને સરકારી જમીન ખાલી કરવા કલેકટર તંત્ર દ્વારા આપવામાં આવેલી અંતિમ નોટીસોને રહેવાસીઓએ હાઈકોર્ટમાં પડકારતા હાઈકોર્ટે સોમવાર એટલે કે આજ દીન સુધી ડીમોલીશનની કામગીરી નહી કરવા હુકમ કરેલ છે. અને વિશેષ સુનાવણી સોમવારે આજે મુકરર કરી છે,

જંગલેશ્વર ના ૧૫ જેટલા રહેવાસીઓએ હાઈકોર્ટમાં રીટ કરી ડીમોલીશન અટકાવવા માંગણી કરી હતી. જેના પગલે રાજકોટ મામલતદાર અને સરકારને નોટીસ આપી હતી. ગઈ કાલે મામલતદાર અને સરકારના વકીલો હાઈકોર્ટ માં હાજર થયા હતા. જેમાં દલીલો દરમિયાન હાઈકોર્ટે જણાવ્યુ હતુ કે કલેકટર દ્વારા આપવામાં આવેલી



કલમ ૨૦૨ હેઠળની નોટીસમાં સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈનનુ સ્પષ્ટ ઉલ્લંઘન જણાય છે. કલમ ૨૦૨ ની નોટીસ બાદ સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ કલેકટર દ્વારા સમય મર્યાદા અપાઈ ન હોવાનુ તારણ કોર્ટે કાઢયુ હતું. આ બાબતે સરકારી વકીલને પુછતા તેમણે હાઈકોર્ટ ને જણાવ્યુ હતુ કે સરકાર પાસેથી આ મામલામાં હજુ સુચના લેવાની બાકી છે. જયારે રાજકોટના મામલતદાર નિલેશ અજમેરાએ પણ વકીલ સાથે હાજર થયા હતા અને તેમણે પણ જણાવ્યુ હતુ કે અમે ડીમોલીશન અંગે સરકારની સુચના માંગી છે. જેના પગલે હાઈકોર્ટ આજે સોમવાર સુધી કોઈ પગલા નહી ભરવા હુકમ કરી સોમવારે એટલે કે આજે આ કેસને અગ્રતાના ધોરણે ચલાવવાની સુચના આપી હતી.

રાજકોટ શહેરના જંગલેશ્વર વિસ્તારમાં તંત્ર દ્વારા આપવામાં આવેલી ડીમોલીશનની નોટીસ બાદ મામલો હવે કાયદાકીય જંગમાં ફેરવાયો છે. અસરગ્રસ્ત રહેવાસીઓએ હાઈકોર્ટના દ્વાર ખટખટાવતા આ મામલે મહત્વની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટે રહેવાસીઓને મોટી રાહત આપવા આગામી ૨ ફેબ્રુઆરી સુધી કોઈપણ પ્રકારની કાર્યવાહી ન કરવા અને યથાવત સ્થિતિ જાળવી રાખવા આદેશ કર્યો હતો. સુનાવણી દરમિયાન જસ્ટીસ વૈભવી ડી નાણાંવટીની કોર્ટમાં મામલતદાર અને વહિવટી તંત્ર વતી હાજર રહેલા સરકારી વકીલે દલીલ કરી હતી કે હાલ તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારના કઠોર કે પ્રતિકુળ પગલા લેવામાં આવ્યા નથી. સરકાર પક્ષે વધુ સુચનાઓ મેળવવા માટે સમયની માંગણી કરી હતી. દલીલો સાંભળ્યા બાદ હાઈકોર્ટ સોમવાર સુધી ડીમોલીશન નહી કરવા સુચના આપી છે.

આગામી સુનાવણી એટલે કે ૨ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી અરજદારો સામે કોઈ જ પ્રતિકુળ પગલા લેવા હુકમ કર્યો છે. સોમવારે આ કેસને લીસ્ટમાં ઉપર રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. જેથી તુરંત નિર્ણય લઈ શકાય. કોર્ટે ડાયરેકટ સર્વિસની મંજુરી આપી છે. જેથી તંત્ર આ આદેશનુ ઉલ્લંઘન ન કરી શકે.

એક તરફ હાઈકોર્ટમાં કાનુની લડાઈ ચાલી રહે છે તો બીજી તરફ જંગલેશ્વર ડીમોલેશન મુદ્દે રાજકીય માહોલ પણ ગરમાયો છે. આમ આદમી પાર્ટીના હોદ્દેદારો તેમજ કાર્યકરોએ સ્થાનિકો સાથે મળીને કલેકટર પહોચી રજુઆત કરી હતી. આમ આદમી પાર્ટીનુ કહેવુ છે કે ડીમોલેશન માટે આપવામાં આવેલી નોટીસનો સમયગાળો અત્યંત ટુંકો છે અને સમય મર્યાદામાં વધારો કરવામાં આવવો જોઈએ. છેલ્લા ૫૦ થી ૬૦ વરસથી જંગલેશ્વર વિસ્તારમાં વસવાટ કરતા ગરીબ અને મધ્યમવર્ગીય પરીવારોને વૈકલ્પિક આવાસ આપ્યા વિના ડીમોલીશન કરવુ યોગ્ય નથી. રીવરફ્રન્ટ પ્રોજેકટના નામે, ગરીબોના ઘર તોડવાને બદલે તેમને ફલેટ જેવી પુનર્વસન સુવિધા આપવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે.

## દિકરીના લગ્નના ૪ દિવસ પહેલા જ પરીવાર પર આભ તુટી પડયુ: બિલ્ડર પિતાએ કર્યો આપઘાત

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરત શહેરના જાણીતા બિલ્ડર તુષાર ઘેલાણીએ ગઈ કાલે મોડી રાત્રે પોતાના નિવસસ્થાને લાયસન્સ વાળી રીવોલ્વર થી ગોળી મારી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. દિકરીના લગ્નની તૈયારીઓ વચ્ચે બનેલી આ ઘટનાથી પરીવાર અને બિલ્ડર લોબીમાં ભારે શોક અને સન્નાટો વ્યાપી ઉઠયો છે.

સુરતમાં જાણીતા બિલ્ડર તુષાર ઘેલાણીએ આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. બિલ્ડર તુષાર ઘેલાણીએ ગઈ કાલે મોડી રાત્રે પોતાના નિવાસસ્થાને ગોળી મારી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાને પગલે પરીવાર સહિત બિલ્ડર લોબીમાં શોકનો માહોલ ફેલાયો છે. દુઃખદ વાત એ છે કે દિકરીના લગ્ન પહેલા જ પરીવાર પર આભ તુટી પડયુ છે. ગઈ કાલે મોડી રાત્રે આશરે ૨ વાગ્યાના અરસામાં આ ઘટના બની હતી. તુષાર ઘેલાણીએ પોતાના ઘરમાં જ પોતાની લાયસન્સ વાળી રીવોલ્વરથી માથાના ભાગે એક રાઉન્ડ ફાયરીંગ કર્યુ હતું. ગોળીનો અવાજ સાંભળતા જ ઘરમાં સુતેલા પરીવારના સભ્યો તરતજ




દોડી આવ્યા હતા. લોહી લુહાણ હાલતમાં તેમને જોતા જ સ્તબ્ધ થઈ ગયા હતા. આ ઘટના બાદ તુષાર ઘેલાણીને તાત્કાલીક ગંભીર હાલતમાં ખાનગી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ તેમની તબિયત નાજુક હોવાનુ જાણવા મળ્યુ હતું.

તુષાર ઘેલાણીની પુત્રીના લગ્ન આગામી ૫ ફેબ્રુઆરીના રોજ હતા. આખુ ઘર અને પરીવાર લગ્નની ધામધુમ પૂર્વક તૈયારીઓમાં વ્યસ્ત હતુ ત્યારે અચાનક બનેલી આ ઘટનાથી ખુશીનો માહોલ ભારે શોકમાં ફેરવાઈ ગયો છે. આ ઘટનાની જાણ થતા જ ઉમરા પોલીસ નો કાફલો હોસ્પીટલ પહોચી ગયો હતો. પોલીસે ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. અત્યાર સુધી આપઘાતનો પ્રયાસ કરવા પાછળનુ કારણ અકબંધ છે. પોલીસ તમામ આપઘાતના પ્રયાસોનુ કારણ બહાર લાવશે. પોલીસ હાલ પરીવાર અને નજીકના લોકોની પુછપરછ કરી રહી છે. પોલીસ તપાસ બાદ જ આપઘાતના પ્રયાસ પાછળનુ સાચુ કારણ બહાર આવશે.

# ગાંધીનગરમાં તંત્રની ઘોર બેદરકારી: સેકટર ૧૨માં ૭ ફુટ ઉંડી ગટરમાં ખાબકી ૩ વરસની માસુમ બાળકી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકાની ગંભીર બેદરકારીના કારણે સેકટર ૧૨ માં એક મોટી દુર્ઘટના સર્જાતા રહી ગઈ છે. સેકટર ૧૨ માં આવેલા વિશ્વકર્મા મંદિર નજીક રોડ પર ખુલ્લી રહેલી ગટરમાં એક ૩ વરસની માસુમ બાળકી અચાનક ખાબકી હતી. આ ગટર આશરે ૭ ફુટ જેટલી ઉંડી હોવાથી બાળકી અંદર પટકાતા



જ ચીસાચીસ કરી મુકી હતી. સદ નસીબે આજુબાજુના લોકો તાત્કાલીક મદદે દોડી આવ્યા હતા અને સમય સુચકતા વાપરીને ગટરમાં ઉતરી બાળકીને સહી સલામત બહાર કાઢી હતી.

સ્થાનિક રહીશોનો આક્ષેપ હતો કે વિસ્તારમાં અનેક જગ્યાએ ગટરના ઢાંકણા તુટેલા છે અથવા ખુલ્લા છે, જે અંગે વારંવાર રજુઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નકકર કામગીરી કરવામાં આવતી નથી. જો નાગરીકો સમયસર ન પહોચ્યા હોત તો બાળકીનો જીવ જઈ શકયો હોત, પાટનગરના હાર્દ સમાન વિસ્તારમાં જયારે આવી બેદરકારી જોવા મળે ત્યારે સ્માર્ટ સીટીના દાવાઓ સામે અનેક સવાલો ઉભા થયા છે. તંત્ર હજુ કોઈ મોટી જાનહાની ની રાહ જોઈ રહ્યુ છે કે શું ? તેવો સવાલ ઉઠાવીને લોકો હવે જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાની માંગ કરી રહ્યા છે.

# બોટાદ કડદા આંદોલન મામલે જામીન મળતા રાજુ કરપડા અને પ્રવિણ રામ આવ્યા જેલ બહાર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બોટાદ કડદા કાંડ બાદ છેલ્લા અંદાજે ૧૦૦ દિવસ એટલે કે પોણા ચાર મહિના જેટલો સમય જેલમાં વિતાવ્યા બાદ આજે રાજુ કરપડા અને પ્રવિણ રામ જેલ બહાર આવ્યા છે. ગઈ કાલે ૭ લોકોના બોટાદ સેશન્સ કોર્ટ દ્વારા જામીન મંજુર કરવામાં આવ્યા હતા જેમાં આમ આદમી પાર્ટીના નેતાઓ રાજુ કરપડા અને પ્રવિણ રામના પણ જામીન મંજુર કરવામાં આવ્યા હતા. અનો આજે તેની કાર્યવાહી પુરી કરી અને બંને નેતાઓ જેલ બહાર આવ્યા છે. ત્યારે બહાર આવતાની સાથે જ રાજુ કરપડા સહિત ગોપાલ ઈટાલીયા સહિતના આમ આદમી પાર્ટીના નેતાઓએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને આ પ્રેસ કોન્ફરન્સ માં રાજુ કરપડાએ કહ્યુ હતુ કે જે રીતે મને જનતાએ હિંમત આપી, મારી અને મારા પરીવારની સાથે રહ્યા, અમારૂ મનોબળ તુટવા ન દીધુ તેના માટે બધાનો આભાર. સાથે જ જે રીતે પહેલા ખેડુતો માટે લડયા તે રીતે આગામી સમયમાં પણ ખેડુતો માટે લડતા રહીશું.




## વડોદરાના ધારાસભ્ય કેયુર રોકડીયા બન્યા રોષ નો ભોગ: સીનીયર સીટીઝનોએ કર્યો ધારાસભ્યોનો ઘેરાવો

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરામાં સ્થાનિક ધારાસભ્યો ના સરકારમાં કામો થતા નથી તેની વચ્ચે આજે સ્થાનિક ધારાસભ્ય કેયુર રોકડીયા જાહેર રોષનો ભોગ બન્યા હતા. સીનીયર સીનીઝનોએ તેમને ઘેરીને તેમની સામે વિરોધ નોંધાવ્યો હતો.




ધારાસભ્ય કેયુર રોકડીયા શહેરમાં બસો શરૂ થવાના કાર્યક્રમમાં હાજરી આપવા માટે પહોચ્યા હતા. પરંતુ કાર્યક્રમ દરમિયાન માત્ર એક જ બસ શરૂ કરવામાં આવતા લોકોમાં અસંતોષ ફાટી નિકળ્યો હતો. અને લોકોએ તેમને ઘેરી લીધા હતા. ખાસ કરીને ઉત્તર ગુજરાત જતી બસોની સંખ્યામાં વધારો કરવામાં આવે તેવી માંગ સાથે સીનીયર સીટીઝનોએ ઉગ્ર વિરોધ કર્યો હતો.

પરીસ્થિતિ તંગ બનતા ધારાસભ્ય કેયુર રોકડીયાએ બે હાથ જોડીને લોકો પાસે માફી માંગી હતી. તેમણે જણાવ્યુ હતુ કે તેમના કાર્યકાળને હજુ માત્ર ૩ વરસનો જ સમય થયો છે. અને તમામ સમસ્યાઓ એક સાથે ઉકેલવી શકય નથી. વિરોધ બાદ ધારાસભ્યએ નિવેદન આપ્યુ હતું. જેમાં તેમણે સીનીયર સીટીઝનોની બસ સંબંધી માંગણીઓ અંગે આગામી સમયમાં જરૂરી કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાત્રી આપી હતી. તેમણે ટ્રાફીકની સમસ્યા, બસોના સમયપત્રક અને વિવિધ રૂટ અંગે ચર્ચા કરીને વધુ બસો શરૂ કરવાની પણ વાત કરી હતી.

# વાવ થરાદ જિલ્લાને મળશે ઈન્ટરનેશનલ એરપોર્ટ : એરપોર્ટને લઈ ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે વૈશ્વિક નકશા પર ચમકશે

પ્રતિનિધિ,ગાંધીનગર

બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તાર ગણાતા થરાદ અને વાવ પંથકના વિકાસને લઈને અધ્યક્ષે મહત્વની જાહેરાત કરી છે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ એક જાહેર મંચ પરથી થરાદમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ બનાવવાની જાહેરાત કરી છે. આ પ્રોજેકટ આગામી સમયમાં આ પંથકની ભુગોળ અને અર્થતંત્ર બંને બદલી નાખશે તેવી અપેક્ષા સેવાઈ રહી છે. વિકાસને મળશે નવી પાંખો, શંકર ચૌધરીએ વધુમાં જણાવ્યુ હતુ કે થરાદ માં જો ઈન્ટરનેશનલ એરપોર્ટ બને તો તેની સીધી અસર માત્ર બનાસકાંઠા જ નહી પરંતુ પડોશી રાજય રાજસ્થાન અને કચ્છના વિસ્તારો પર પણ પડશે. આ એરપોર્ટ આવવાથી વેપાર ઉદ્યોગ અને ખેતીના ઉત્પાદનોને વૈશ્વિક બજારમાં પહોચાડવામાં સરળતા રહેશે. ખાસ કરીને દાડમ અને અન્ય ખેતી પાકોના નિકાસ માટે આ એરપોર્ટ આશીર્વાદરૂપ સાબિત થશે. ભૌગોલિક દ્રષ્ટીએ થરાદ એ રાજસ્થાન અને કચ્છની સરહદની નજીક આવેલુ છે. એરપોર્ટ બનવાથી રાજસ્થાનના જેસલમેર, બાડમેર અને કચ્છના રાપર અને ભચાઉ વિસ્તારના લોકોને આંતરરાષ્ટ્રીય સ્તરની કનેકટીવીટી મળશે. આ પ્રોજેકટના કારણે આ વિસ્તારમાં રોજગારીની નવી તકો ઉભી થશે અને ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે ક્રાંતિ આવશે. વિધાનસભાના અધ્યક્ષે ભારપૂર્વક જણાવ્યુ હતુ કે આવનારા સમયમાં થરાદ ખાતે ઈન્ટર નેશનલ એરપોર્ટ સાકાર થશે. જે વિકાસને બુસ્ટર ડોઝ આપવાનુ કામ કરશે. વાવ થરાદ વિસ્તાર જે અત્યાર સુધી પછાત ગણાતો હતો , તે હવે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે વૈશ્વિક નકશા પર



ચમકશે. આ જાહેરાત બાદ સ્થાનિક લોકો અને વેપારીઓમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. હવે જોવાનુ એ રહેશે કે આ મહત્વકાંક્ષી પ્રોજેકટ પર કામ કયારે શરૂ થાય છે.